સાંધ્ય દૈનિક

# રાજકોટ મિરર

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

RAJKOT MIRROR DAILY EVENING (MONDAY TO SATURDAY)

Year : 14 | Issue : 71 | Dt. 25-05-2023 | Page : 6+1 | Price : Rs 2

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# રાજયમાં ધો.૧૦નું ૬૪.૨૨ %, રાજકોટનું ૭૨.૭૪% પરિણામ

રાજકોટ મિરર, તા.૨૫

ગુજરાત માધ્યમિક બોર્ડનું ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર રાજયનું ૬૪.૨૨ ટકા પરિણામ આવ્યું છે. જેમાં સૌથી વધુ સુરત જિલ્લાનું ૭૬.૪૫ ટકા અને સૌથી ઓછું દાહોદ જિલ્લાનું ૪૦.૭૫ ટકા પરિણામ આવ્યું છે અને રાજકોટ જિલ્લાનું પરિણામ ૭૨.૭૪% જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે કુલ ૩૮,૭૨૯ વિદ્યાર્થી ઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૮૪૩ વિદ્યાર્થીઓએ અ૧ ગ્રેડ હાસિલ કર્યો છે. પરિણામ જાહેર થતાની સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ ગરબે ઘૂમી ઉજવણી કરી હતી.

રાજકોટ જિલ્લાનું ૭૨.૭૪ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે રાજકોટ જિલ્લામાં કુલ ૩૮,૭૨૯ વિદ્યાર્થી ઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૮૪૩ વિદ્યાર્થીઓએ અ-૧ ગ્રેડ મેળવ્યો છે. આ સાથે અ-૨માં ૪૩૨૯, ઈ-૧માં ૬૪૨૦, ઈ-૨માં ૭૭૦૮, ઈ-૧માં ૬૫૫૪, ઈ-૨માં ૨૨૩૫ અને ઉમાં ૮૪ વિદ્યાર્થી ઉતીર્ણ થયા છે. રાજકોટ શહેરની ધોળકિયા સ્કૂલના વિદ્યાર્થી ઓએ ગરબે ઘૂમી પરિણામની ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. આજે જાહેર થયેલ પરિણામમાં ધોળકિયા સ્કૂલના કુલ ૫ વિદ્યાર્થી ઓએ ૯૯.૯૯ છ્ઠ મેળવ્યા હતા, જયારે અ૧ ગ્રેડમાં શાળાના ૪૦થી વધુ વિદ્યાર્થી ઓનો સમાવેશ થતા શાળાના વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોમાં પણ ખુશી જોવા મળી હતી. ગત માર્ચ-એપ્રિલ મહિનામાં લેવામાં આવેલી ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ આજે બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. રાજકોટ શહેર જિલ્લામાં ધોરણ-૧૦ના કુલ ૩૮,૮૪૯ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી ૩૮,૭૨૯ વિદ્યાર્થી ઓએ પરીક્ષા આપી હતી, જેનું આજે પરિણામ જાહેર થયું છે. રાજકોટ જિલ્લામાં ૨૯ શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે, જ્યારે ૨૧ શાળાનું ૩૦ ટકા અને ૨૨ શાળાનું ૧૦ ટકાથી ઓછું પરિણામ આવ્યું છે.





## ફરી એક વખત વિદ્યાર્થી કરતા વિદ્યાર્થીનીઓ હોંશિયાર સાબિત થઈ : ૧૧ ટકા રિઝલ્ટ ઉચ્ચું આવ્યું

## ખેડૂતપુત્રએ બોર્ડમાં મેળવ્યા ૯૯.૯૯ પીઆર




રાજકોટના પૂજિત રૂપાણી ટ્રસ્ટના વિદ્યાર્થી રુદ્ર ગામીએ બોર્ડમાં ૯૯.૯૯ PR સાથે ડંકો વગાડ્યો છે. તેના પિતા રાજકોટમાં નોકરી કરે છે અને સાથે-સાથે ગામડે ખેતી કરી રહ્યા છે. જોકે આજે આ પરિણામથી ખેડૂતપુત્ર પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.તાલાલા ખાતે ખેતીકામ કરતા અને રાજકોટમાં ભાડાના મકાનમાં રહી દીકરાને અભ્યાસ કરાવવા આવેલા ગામી પરિવારના દીકરાએ આજે બોર્ડમાં ડંકો વગાડી પિતાની ઈચ્છા પૂર્ણ કરી છે. રુદ્ર ગામી નામના આ વિદ્યાર્થીએ આજે ધોરણ ૧૦ માં ૯૯.૯૯ PR અને ૯૬.૬૬ % મેળવી પોતાનાં માતા-પિતા અને શાળા સહિત સમગ્ર રાજકોટનું નામ રોશન કર્યું છે. રુદ્રના પિતા ખેતી કરતા હોવા છતાં તેના દીકરાના અભ્યાસ માટે રાજકોટમાં મકાન ભાડે રાખી કારખાનામાં નોકરી કરતા હતા.

# લોકસભાની ચૂંટણીને ધ્યાને રાખી ૪ ભાજપ પ્રમુખોને બદલાવાયા

### રાજકોટ શહેર ભાજપ પ્રમુખ પદે મુકેશભાઈ દોશી, જિલ્લા ભાજપ પ્રમુખ પદે અલ્પેશભાઈ ઢોલરીયા

રાજકોટ મિરર, તા.૨૫:' લોકસભા ૨૦૨૪ની ચૂંટણીની તૈયારી શરુ કરી દીધી છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ગત રોજ સંગઠન મંત્રીની અધ્યક્ષતામાં રાજ્યના ૮ મહાનગરના પદાઅધિકારીઓ સાથે એક બેઠક યોજી હતી. આ બેઠકના બીજા જ દિવસે સંગઠનામાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ શહેર, રાજકોટ જિલ્લા, મોરબી અને કચ્છ ભાજપ પ્રમુખને બદલવામાં આવ્યા છે. દેશમાં આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે. આ માટે ભાજપ દ્વારા અત્યારથી જ તૈયારી આરંભી છે. ભાજપે આજે ૪ શહેરના પ્રમુખની બદલીને નવા પ્રમુખની



નિમણૂંક કરી છે. રાજકોટ જિલ્લાના ભાજપ પ્રમુખ મનસુખભાઈ ખાચરીયાના સ્થાને ગોંડલ માર્કેટીંગ યાર્ડના પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાને જિલ્લા ભાજપ પ્રમુખ બનાવવામાં આવ્યા છે. તેમજ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીને હટાવીને તેમના સ્થાને નિર્વિવાદીત અને ઢોલેરા ખાતે આવેલ વૃધ્ધાશ્રમ દિકરાનું ઘરનું સંચાલન કરતા મુકેશભાઈ દોશીને શહેર ભાજપ પ્રમુખ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત કચ્છમાં દેવજીભાઈ વરચંદ અને મોરબીમાં રણછોડભાઈ દલવાડીની નિમણૂંક કરવામાં આવી છે.

# નવા સંસદ ભવનના ઉદ્‌ઘાટનનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

### અરજીમાં કહેવામાં આવ્યું છે કે માત્ર રાષ્ટ્રપતિ જ ઉદઘાટન કરી શકે છે. એડવોકેટ સીઆર જયા સુકિને અરજી દાખલ કરી



નવી દિલ્હી તારીખ ૨૫ : નવા સંસદ ભવનનાં ઉદઘાટનનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી પીઆઈએલમાં માંગ કરવામાં આવી છે કે સંસદના નવા ભવનનું ઉદઘાટન રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે. ઉલ્લેખનીય છે કે, પીએમ દ્વારા સંસદ ભવનનાં ઉદઘાટનનો વિરોધ કરી રહેલા ઘણા વિપક્ષી દળોએ કાર્યક્રમનો બહિષ્કાર કરવાની વાત કરી છે.

સુપ્રીમ કોર્ટના વકીલ જયા સુકીન દ્વારા જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. ઉદઘાટનના પ્રસંગમાં રાષ્ટ્રપતિને નહીં બોલાવવા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. વાસ્તવમાં, ૨૮ મેના રોજ બપોરે ૧૨ વાગ્યે પીએમ મોદી નવા સંસદ ભવનનું ઉદઘાટન કરશે. તેના પર કોંગ્રેસના નેતાઓ અને અન્ય ઘણા વિપક્ષી નેતાઓનું માનવું છે કે, પીએમના બદલે રાષ્ટ્રપતિએ ઉદઘાટન કરવું જોઈએ. કોંગ્રેસનું કહેવું છે કે, નવા સંસદ ભવનનું ઉદઘાટન રાષ્ટ્રપતિ દ્વારા જ થવું જોઈએ. મુર્મુ દ્વારા નવા સંસદ ભવનનું ઉદઘાટન એ લોકતાંત્રિક મૂલ્યો અને બંધારણીય શિષ્ટાચાર પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનું પ્રતિક હશે. દરમિયાન, સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર ઉદઘાટન પ્રસંગે અભિનંદન સંદેશા જાહેર કરે તેવી શક્યતા છે.

# ટાટા ગ્રુપનો દુનિયામાં ફરી ડંકો વાગ્યો

નવી દિલ્હી, તા.૨૫ : ટાટા ગ્રૂપના નામ સાથે એક મોટી ઉપલબ્ધિ જોડાઈ ગઈ છે. તેને વિશ્વની ટોપ-૫૦ મોસ્ટ ઈનોવેટિવ કંપનીઓની યાદીમાં સામેલ કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે આ યાદીમાં તે એકમાત્ર ભારતીય કંપની છે. બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપ દ્વારા ૨૦૨૩ની મોસ્ટ ઈનોવેટિવ કંપનીઓની યાદી બુધવારે બહાર પાડવામાં આવી હતી. તેમાં ટાટા ગ્રૂપ ૨૦મા સ્થાને રહ્યું છે.

યાદી દર વર્ષે બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપ દ્વારા બહાર પાડવામાં આવે છે. તેમાં વિશ્વભરની કંપનીઓનું પ્રદર્શન, તેમની ક્ષમતા અને ઈનોવેશન સહિત અન્ય ઘણા પરિમાણો અંગે નિરીક્ષણ કરવામાં આવે છે અને તેના આધારે તેમને યાદીમાં સ્થાન આપવામાં આવે છે. દેશના સૌથી મોટા ઔદ્યોગિક ગૃહોમાંના એક ટાટા ગ્રૂપે આ તમામ માપદંડો પર સારો દેખાવ કરીને આ સ્થાન હાંસલ કર્યું છે.

આઈફોન નિર્માતા અમેરિકન કંપની આાહય ટોપ-૫૦ મોસ્ટ ઈનોવેટિવ કંપનીઓની યાદીમાં નંબર વન પર આવી છે. જ્યારે બીજા ક્રમે વિશ્વના બીજા સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્કની ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લાને સ્થાન આપવામાં આવ્યું છે. આ યાદીમાં ત્રીજા નંબર પર ઈ-કોમર્સ કંપની એમેઝોન છે.






## સમાચાર વાંચો ફટાફટ

### પગની બિમારીથી કંટાળી એસીડ પી લેનાર વૃદ્ધાનું મોત

સુત્રાપાડાના ટોબરા ગામે રહેતા મણીબેન મેરામભાઈ કામળીયા (ઉ.વ.૬૫) લાંબા સમયથી પગની બિમારીથી પીડિત હતાં, જેનાથી કંટાળી ગઈ તા.૩૦-૪ના પોતાના ઘરે એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમને સારવારમાં કોડીનાર, બાદમાં જુનાગઢ અને વધુ સારવારમાં અત્રેની સીવીલ હોસ્પીટલે ખસેડાયા હતા. સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે.

### ૧૬ વર્ષના યુવકનું મેટોડામાં મામાના ઘરે દાઝી જતાં મોત

ચુનારાવાડમાં રહેતો વિશેષ વિજયભાઈ ચોહાણ (ઉ.વ.૧૬) બે ત્રણ દિવસથી મેટોડા ગેઈટ નં. ૧માં અંજલી પાર્કમાં રહેતાં મામા બાબુભાઈ ગોવિંદભાઈ દેત્રોજાના ઘરે રોકાવા ગયો હતો. જ્યાં ગઈકાલે તે ન્હાવા ગયો ત્યારે બાથરૂમમાં આંચકી આવતાં પડી ગયો હતો અને બેભાન થઈ ગયો હતો. એ વખતે ગરમ પાણીનો નળ ચાલુ હોઈ તે ગરમ પાણીની દાઝી ગયો હતો. સારવાર માટે મેટોડા અને ત્યાંથી રાજકોટ સિવિલમાં ખસેડયો હતો. જે બાદ સારવાર દરમિયાન આજે મોત નીપજ્યું છે.

### કારની ઠોકરે બાઈક ચડતાં યુવાનનું મોતઃ એકને ઈજા

પીપળીયા ગામે ઓસ્ટીવા કંપની પાસે રહેતાં અને કારખાનામાં કામ કરતાં પરપ્રાંતિય પદુનાથ રામચરન દિવાન (ઉ.૧૯) તથા શિવા કાંતિરામ વિલાસ (ઉ.૨૨) ગઈકાલે બાઈક પર બેસીને નીકળ્યા ત્યારે પીપળીયા ગામ નજીક રોડ પર અજાણી કારની ઠોકરે ચડી જતાં બંનેને ઈજા થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. જેમાં પદુનાથનું મોત નિપજતાં લોધીકા પોલીસને જાણ કરવામાં આવી હતી.

### બાંધકામની સાઈટ પર વિજકરંટથી મહિલાનું મોત

મુળ દાહોદના કાળીબેન શેતાનભાઈ મંડોળ (ઉ.વ.૨૭) ગ્રીનલેન્ડ ચોકડી પાસેની બાંધકામ સાઈટ પર પરિવારજનો સાથે રહી મજૂરી કરતાં હોઈ સવારે ઉપરના માળે ન્હાવા ગયા બાદ બાથરૂમમાંથી નીકળ્યા ત્યારે જાહેરખબરના બોર્ડનો વિજતાર ઉડીને બાથરૂમ પાસે પડયો હોઈ તેને હાથ અડી જતાં કરંટ લાગતાં મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતકને સંતાનમાં બે પુત્ર છે. બનાવ અંગે બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

### મોટી મારડમાં જુગાર રમાડતા બે ઝડપાયા

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં આવતા મોટી મારડ ગામે પાટણવાવ પોલીસની ટીમે વર્લીર્ ફીચરના આંકડા લખી જુગાર રમાડતા બે શખ્સને ઝડપી લીધા હતાં. મોટી મારડના બસ સ્ટેન્ડ નજીક આરોપી કમલેશ બાબુ ભરડા (ઉ.વ.૨૦) વર્લીફીચરના આંકડાનો જુગાર રમતો હોય, આંકડા લખેલી ચીઠ્ઠી અને રૂમ૬૫ની રોકડ કબ્જે કરી હતી. જયારે મોટી મારડથી ચીખલીયા જવાના રસ્તે બાપાસીતારામ મઢુલી પાસે વર્લીફીચરના આંકડા લખી જુગાર રમાડતા આરોપી દિનેશ અમરા સોંદરવા (ઉ.વ.૪૨)ને દબોચી લઈ રૂમ૪૫ની રોકડ કબ્જે કરી હતી. બંન્ને સામે ગુનો નોંધી પાટણવાવ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### ૮૦ ફુટના રોડ પર ૯૫ મિલ્કતોને જપ્તી નોટીસ

મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત શાખા દ્વારા આજે જુદા જુદા વિસ્તારમાં વધુ ૨૦ મિલ્કત સીલ કરવામાં આવી હતી અને ૧૧૦ મિલ્કતને ટાંચ જપ્તીમાં લેવામાં આવી છે. ઢેબર રોડ પર બે દુકાન સીલ કરાઈ હતી. વોર્ડ નં.૫માં માર્કેટીંગ યાર્ડમાં એક દુકાનને નોટીસ સામે સવા લાખનો ચેક જમા થયો હતો. ૧૫૦ ફુટ રોડ પર ઈસ્કોન મોલમાં શોરૂમ, નાના મવા રોડ પર સીલની કાર્યવાહી કરતા આ જગ્યાઓ પરથી ચેક આવ્યા હતા. વોર્ડ નં.૯માં કાલાવડ રોડ પર હાર્મોની હોમસ, શાસ્ત્રીનગર પાસે આંગન રેસી., વોર્ડ નં.૧૫ના ૮૦ ફુટ રોડ પર ૯૫ અને કોઠારીયા બાયપાસ પર ૩ મિલ્કતને નોટીસ અપાઈ હતી. વોર્ડ નં.૧૬માં કોઠારીયા રોડ પર સત્યલો ફેશનમાં સીલની કાર્યવાહી કરતા ચેક આવ્યો હતો.

### થોરાળા પોલીસે જુગાર રમતા પાંચને ઝડપી લીધા

શહેરના થોરાળા વિસ્તારમાં આઈટીઆઈ કોલેજ પાછળ જય સોમનાથ હોટલની બાજુના પટમાં જુગાર રમાઈ રહ્યો છે તેવી બાતમી થોરાળા પોલીસ મથકના કોન્સ્ટેબલ જયદીપભાઈ અને રમેશભાઈને મળતા પીએસઆઈ જી.એસ. ગઢવી માર્ગદર્શન હેઠળ સ્ટાફે દરોડો પાડયો હતો. જેમાં જુગાર રમતા ચેતન બાબુ દેત્રોજા (ઉ.૫૦), દીલીપ ઉર્ફે મુન્નાભાઈ હરજી દેગામા (ઉ.૫૦) મનોજ ભુપત અંબાણીયા (ઉ.૨૫) મનોજ ઉર્ફે મનીષ મોહન સાપરા (ઉ.૨૮) અને હરેશ ઉર્ફ સીતારામ રતનદાસ દેવમુરારી (ઉ.૪૮) દબોચી લીધા હતા અને રૂા.૧૦,૩૪૦ની રોકડ કબ્જે કરી હતી.

# સનાતન ધર્મ માટે હિન્દુઓને જાગવાનો સમય : બાગેશ્વર બાબા

## ધીરેન્દ્ર શાસ્ત્રી સવારે અમદાવાદ આવી પહોંચ્યા : ભાવભર્યું સ્વાગત : રાજયમાં ૧૦ દિવસ દિવ્ય દરબારના કાર્યક્રમ





અમદાવાદ, તા.૨૫ : બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી આજથી ગુજરાતમાં ૧૦ દિવસના દિવ્ય દરબારોના કાર્યક્રમો માટે આવી પહોંચ્યા છે. આજે બપોરે બાગેશ્વર બાબા ચાર્ટર્ડ પ્લેનમાં અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. ત્યાંથી તેઓ સીધા કાર મારફત અમરાઈવાડી ખાતે રહેતા એક ભક્તના ઘરે જવા નીકળ્યા હતા. તે દરમિયાન રસ્તામાં જ લોકો તેમને મળવા ઊમટી પડ્યા હતા. ધીરેન્દ્ર શાસ્ત્રીએ કારમાંથી બહાર નીકળી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. ત્યારબાદ ધીરેન્દ્ર શાસ્ત્રી વટવા રામકથા મેદાનમાં દેવકીનંદન ઠાકુર સાથે આવી પહોંચ્યા છે. બાબાના દર્શન માટે રામકથા મેદાનમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું છે.

રામકથા મેદાને રાજ્યના પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના નેતાઓ સભા સ્થળે જોવા મળ્યા હતા. ધીરેન્દ્ર શાસ્ત્રીના આગમનને લઈને વટવા રામકથા મેદાને ભવ્ય તૈયારી કરવામાં આવી છે. બાબા માટે ખાસ આશન લગાવવામાં આવ્યું છે. ત્યારે ધીરેન્દ્ર શાસ્ત્રી સ્ટેજ પર આવી પહોંચતા ભક્તો દ્વારા તેમનું ફૂલ હાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું. સભા સ્થળ પર ડોમ ભક્તોથી હાઉસફૂલ થઈ ગયો હતો.

ત્યારે બાગેશ્વર બાબાએ સ્ટેજ પર આશન ગ્રહણ કર્યું. ત્યારબાદ કથા શરૂ કરતા પહેલા ધીરેન્દ્ર શાસ્ત્રીએ કહ્યું અમદાવાદના લોકો કેમ છો. ભક્તીનો પ્રદેશ છે ગુજરાત. ગુજરાતના અમદાવાદમાં આજે અમે આવ્યા છીએ. આવા આ ભક્તીના પ્રદેશ ગુજરાતની ધરતીને વારંવાર પ્રણામ કરું છું.

ગુજરાતના લોકોને ચૂપ કરાવવા ઘણા મુશ્કેલ છે. ભારતમાં હિન્દુ રાષ્ટ્ર અને ભગવાન કૃષ્ણને સ્થાપિત કરવાનો સમય આવી ગયો છે. મથુરાની શ્રીકૃષ્ણ જન્મભૂમી પર કૃષ્ણને સ્થાપિત કરવાના છે. ભગવાન કૃષ્ણ અને સનાતન હિન્દુ માટે જાગવાનો સમય છે. મારું કામ માત્ર તમને જગાડવાનું છે. જાગશો નહીં તો આવનારી પેઢીમાં રામકથા નહીં થાય. સનાતન ધર્મ માટે લડનારાઓનો સાથ આપો. હવે ભાગવાનો સમય નથી. બાગેશ્વર ધામ તમારું જ છે તમે લોકો ત્યાં આવતા રહો. તમામ સનાતની હિન્દુ એક થઈ જાઓ. ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવા કોણ કોણ તૈયાર છે. ભારતને હિન્દુ બનાવવા કોણ રાજી છે અને સંતોને હેરાન કરનારાઓની ઠઠરી બાંધીશું.

જોકે બાગેશ્વર બાબા અમદાવાદ એરપોર્ટથી યજમાન અમરાઈવાડીના પૂર્વ કોર્પોરેટર અરવિંદ ચૌહાણના ભાઈ જુગનીભાઈના ઘરે પહોંચ્યા હતા. ત્યાં તેમણે ભોજન કર્યા બાદ વટવા રામકથા મેદાને રવાના થયા હતા. ધીરેન્દ્ર શાસ્ત્રી કારમાં સવાર હતા ત્યારે લોકોએ તેમને ફૂલનો હાર પહેરાવવા પડાપડી કરી હતી તેમજ મોમેન્ટો અને બુકે પણ લોકો આપતા નજરે પડ્યા હતા. અસહ્ય ગરમી હોવા છતાં પણ બાગેશ્વરબાબાના અનુયાયીઓ ઊમટી પડ્યા હતા.

# ડ્રગ્સ પકડવા હવે ડોગ સ્ક્વોડની મદદ લેવાશે

## પોલીસ ખાતાના નવતર પ્રયોગનો સુરત ખાતેથી થશે અમલ



સુરત, તા.૨૫ : સુરતમાં ડ્રગ્સ પકડવા નવી પહેલ. નો ડ્રગ્સ ઈન સુરત સીટી અભિયાન હેઠળ શરુઆત કરાઈ. ડ્રગ્સ પકડવા હવે ડોગ સ્કવોડની મદદ લેવાશે. સામાન્ય રીતે ચોરી, લૂંટ, ધાડ કે હત્યા જેવા ગુનામાં તમે પોલીસના ડોગ સ્પોટ જોયા હશે, પરંતુ હવે સુરત શહેર પોલીસ એનાથી એક ડગલું આગળ વધી છે અને પોલીસે નસીલા પદાર્થો શોધી કાઢવા માટે સ્પેશિયલ ટ્રેનિંગ પામેલા ડોગને મેદાને ઉતાર્યો છે. પોલીસ દ્વારા વર્ષોથી નો ડ્રગ્સની મુહિમ ચલાવવામાં આવે છે. અત્યાર સુધી પોલીસે કરોડો રૂપિયાનું એમડી ડ્રગ્સ, મેથાફેટામાઈન, હેરોઈન, ચરસ અને ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પોલીસની ઝુંબેશ છતાં પણ શહેરમાં ડ્રગ્સ આવી પણ રહ્યું છે અને વેચાઈ પણ રહ્યું છે. પોલીસે આ માટે એક ખાસ ડોગ ડ્રેકને મેદાને ઉતાર્યો છે. પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલો આ ડોગ જાહેર સ્થળો, શહેરના પ્રવેશદ્વાર ઉપર પોલીસ વિભાગની સાથે ફરજ ઉપર હાજર રહેશે. જ્યારે કોઈપણ વાહન સુરત શહેરની અંદર પ્રવેશ કરે છે, ત્યારે પોલીસ દ્વારા તે વાહનોનું ચેકિંગ કરવામાં આવતું હોય છે, પરંતુ ચોરીછુપીથી ડ્રગ્સ પેડલરો ડ્રગ્સને સુરતમાં લાવવામાં સફળ થતા હોય છે. હવે આ ડોગ ગમે એવી જગ્યા પર સંતાડેલા ડ્રગ્સને શોધી કાઢવામાં પોલીસને મદદરૂપ થશે.

# ગુજરાત ટાઈટન્સ ટીમ પર લાગ્યો કોપી રાઈટનો આરોપ



અમદાવાદ, તા.૨૫:આઈપીએલ ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન કરી રહેલી ગુજરાત ટાઈટન્સની ટીમ વિવાદો પર ફસાઈ છે. ગાંધીનગરની કોમર્શિયલ કોર્ટમાં ગુજરાત ટાઈટન્સ પર કોપીરાઈટ ભંગનો આરોપ લાગ્યો છે. આ અંગે ગુજરાત ટાઈટન્સની ફ્રેન્ચાઈઝી વિરુદ્ધ અરજી દાખલ કરવા આવી હતી.

આઈપીએલ ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન કરી રહેલી ગુજરાત ટાઈટન્સની ટીમ વિવાદો પર ફસાઈ છે. ગાંધીનગરની કોમર્શિયલ કોર્ટમાં ગુજરાત ટાઈટન્સ પર કોપીરાઈટ ભંગનો આરોપ લાગ્યો છે. આ અંગે ગુજરાત ટાઈટન્સની ફ્રેન્ચાઈઝી વિરુદ્ધ અરજી દાખલ કરવા આવી હતી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં જ્યારે આઈપીએલની મેચ થતી હતી ત્યારે બ્રેક વચ્ચે કોપીરાઈટ ભંગ કરીને ગીતો વગાડવામાં આવતા હતા. ''હેલો મારો સાંભળો'' અને ''મારા પાલવનો''... આ બે ગીતો આઈપીએલ મેચમાં કોપીરાઈટનો ભંગ કરીને વગાડવામાં આવતા હતા.કેન્દ્ર સરકાર દ્વારા નોંધાયેલી કોપિરાઈટ સોસાયટી રેકોર્ડેડ મ્યૂઝિક પર્ફોર્મેન્સ લિમિટેડએ ૨૦ મેના દિવસે કોપીરાઈટ ઉલ્લંઘનનો મુદ્દો દાખલ કર્યો હતો. છબ્બ્ડક્ના સભ્ય શ્રી રામ ઓડિયો એન્ડ ટેલિફિલ્મ આ બે સોન્ગના માલિકી હક ધરાવે છે. હવે આઈપીએલ મેચમાં ગુજરાત ટાઈટન્સની મેચમાં બ્રેક દરમિયાન આ બે ગુજરાતી ગીતો નહિ વગાડવામાં આવે તેવી કોર્ટને ખાતરી અપાઈ છે.

આઈપીએલ ૨૦૨૩ની કવોલિફાયર ૨ અને ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે.

# વિજ્ઞાનનું મૂળ વેદ છે , વિદેશીઓએ પોતાનાં નામેં મૂળ સિદ્ધાંતો ચડાવી દીધા છે : ISRO ચીફ સોમનાથ

## વિજ્ઞાનના મૂળ સિદ્ધાંતો વેદોમાં હતા જે આરબો દ્વારા પશ્ચિમી વિશ્વમાં પહોંચ્યા

દિલ્હી, તા.૨૫ :ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના અધ્યક્ષ એસ સોમનાથે કહ્યું કે વિજ્ઞાનનું મૂળ વેદ છે પરંતુ આ જ્ઞાન આરબોના માધ્યમથી પશ્ચિમી દેશોમાં પહોંચ્યું અને ત્યાંના વૈજ્ઞાનિકોએ પોતાના નામથી તેનો પ્રચાર કર્યો. તેમણે કહ્યું કે, બીજગણિત, વર્ગમૂળ, સમયની ગણતરી, વાસ્તુશાસ્ત્ર, પૃથ્વીનો આકાર, ધાતુશાસ્ત્ર અને ઉડ્ડયન પણ વેદોમાં સૌપ્રથમ જોવા મળ્યું હતું.

એસ સોમનાથે કહ્યું, સમસ્યા એ હતી કે આ જ્ઞાન સંસ્કૃત ભાષામાં હતું અને આ ભાષા લખાઈ ન હતી. લોકોએ એકબીજા પાસેથી જ્ઞાન લીધું અને કંઠસ્થ કર્યું. પાછળથી તેને લખવા માટે દેવનાગરી લિપિનો ઉપયોગ કરવામાં આવ્યો. તેઓ ઉજ્જૈનમાં સંસ્કૃત અને વેદોની મહર્ષિ પાણિની યુનિવર્સિટીને સંબોધિત કરી રહ્યા હતા. પાણિનીએ સંસ્કૃતનું આ વ્યાકરણ લખ્યું છે.


સોમનાથે કહ્યું, એન્જિનિયરો અને વૈજ્ઞાનિકોને સંસ્કૃત બહુ ગમે છે. કમ્પ્યુટર માટે આ ભાષા ખૂબ જ સરળ છે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તેને સરળતાથી વાંચી શકે છે.

આ બાબતે ઘણું સંશોધન થઈ રહ્યું છે કે સંસ્કૃતનો ઉપયોગ કેવી રીતે કરી શકાય. તેમણે કહ્યું કે ભારતમાં સંસ્કૃતમાં લખાયેલું સાહિત્ય માત્ર સાહિત્યિક દૃષ્ટિકોણથી જ નહીં પણ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી પણ મહત્ત્વનું છે. સંસ્કૃતમાં સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક અભ્યાસમાં કોઈ અંતર નથી.

સોમનાથે કહ્યું કે ભારતીય વૈજ્ઞાનિકોએ પ્રાચીન કાળથી તેમની શોધ સંસ્કૃતમાં લખી છે, પરંતુ ત્યારથી અત્યાર સુધી બહુ સંશોધન થયું નથી. આનું ઉદાહરણ સૂર્ય સિદ્ધાંત છે જે ૮મી સદીમાં લખવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં પૃથ્વીનો પરિઘ, સૌરમંડળ અને બીજી ઘણી બધી બાબતો લખવામાં આવી હતી જેની પાછળથી પશ્ચિમી જગતે જાણ કરી અને તેનો શ્રેય લીધો.

તમને જણાવી દઈએ કે ઈસરો હાલમાં ઘણા મોટા મિશન પર કામ કરી રહ્યું છે. તેમાં ચંદ્રયાન-૩ મિશન અને આદિત્ય ૧ મિશન સામેલ છે. તેમનો હેતુ ચંદ્ર અને સૂર્યનો અભ્યાસ કરવાનો છે.



આઝાદ ફાઉન્ડેશનના નામે ગ્રુપ બનાવ્યું, અગિયાર જીલ્લાની છસ્સો મહિલાઓને સામેલ કરી: મહિને ૨૫ થી ૩૦ હજાર કમાવવાની લાલચ દીધી, રજીસ્ટ્રેશનના નામે ફી લીધી અને છેલ્લે રોન કાઢી

# ઘરે બેઠા છેતરાઈ જાવ!: ગઠીયાએ સાવ નવી જ સ્કીમ ઠપકારી, કમાણીની લાલચ આપી મહિલાઓને છેતરી

## જામનગર સાયબર ક્રાઈમની ટીમે અમદાવાદી ઠગ મનસુખને દબોચ્યો: જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, મોરબી અને રાજકોટની મહિલાઓ પણ છેતરપીંડીનો ભોગ બની

(દર્શનસિંહ જાડેજા દ્વારા)
રાજકોટ તા.૨૫

ગઠીયાઓ, છેતરપીંડીબાજો ક્યારે કેવો કિમીયો અજમાવીને લોકોને પોતાની જાળમાં ફસાવી લેશે તે કળવું મુશ્કેલ હોય છે. નીતનવા ગતકડા વહેતા મુકી ગામના ગરીયા કરી નાખવાની નેમ સાથે નીકળી પડનારા આ જગતમાં ઓછા નથી. રોજે રોજ કોઈને કોઈ જગ્યાએ આવો એકાદ ગઠીયો સામે આવતો જ હશે જે બીજાનું કરી નાંખતો હશે. પૈસા માટે માણસ કોઈપણ હદ સુધી જતો હોય છે. ગુનાખોરી આચરતાં પણ અચકાતો હોતો નથી. આજના યુગમાં છેતરપીંડી કરવી એ સાવ સામાન્ય બાબત બની ગઈ છે. એક એવા ગઠીયાનો પર્દાફાશ થયો છે જેણે સાવ નવી જ સ્કીમ ઠપકારી કંઈ નહિ તો મહિલાઓને છેતરી લીધી છે. ઘરે બેઠા કમાણી કરો એવી સ્કીમ મુકી અગિયાર જીલ્લાઓની આશરે છસ્સો મહિલાઓનું ગ્રુપ બનાવી આઝાદ ફાઉન્ડેશનના નામે રજીસ્ટ્રેશન ફી પેટે જુદી જુદી રકમ મેળવી બાદમાં ધૂંબો મારી દેનારા ગઠીયાને જામનગર સાયબર ક્રાઈમની ટીમે દબોચ્યો છે. જેણે રાજકોટની મહિલાઓને પણ પોતાની જાળમાં ફસાવી હતી.

સમગ્ર કારસ્તાન પર નજર કરીએ તો જામનગર સહિત સમગ્ર ગુજરાત રાજ્યના ૧૧ થી વધુ જિલ્લાઓમાં એન.જી.ઓ. સંસ્થાના નામે મહિલાઓનું ગ્રુપ બનાવી ૬૦૦ વધુ મહિલાઓને મહિને ગૃહ ઉદ્યોગના માધ્યમથી ૨૫ થી ૩૦ હજાર રૂપિયા કમાઈ દેવાની લાલચ આપી છેતરપીંડી કરનાર મૂળ ગીર સોમનાથ જિલ્લાના અને હાલ અમદાવાદમાં રહેતા શખ્સને સાયબર ક્રાઈમની ટીમે ઝડપી લઈ ચિટિંગનો વધુ એક ગુનો શોધી કાઢ્યો છે. મૂળ ગીર સોમનાથ જિલ્લાના સમોડા ગામનો વતની અને હાલ અમદાવાદમાં રહેતાં મનસુખ રામાભાઈ જનકાંત કે જેણે આઝાદ ફાઉન્ડેશન નામની એન.જી.ઓ. સંસ્થા સોશિયલ મીડિયાના માધ્યમ પર બનાવી હતી.

મનસુખે આ સંસ્થાના ઓઠા હેઠળ મહિલાઓને લઘુ ઉદ્યોગ દ્વારા ઘર બેઠા કામ કરીને પૈસા કમાવવાની લાલચ આપી હતી. જેમાં જામનગર-રાજકોટ સહિતના જુદા જુદા ૧૧ જેટલા



જિલ્લાઓમાં ૬૦૦ જેટલી મહિલાઓનો ગ્રુપ બનાવ્યું હતું અને તેઓને ઘેર બેઠા દર મહિને ૨૫ થી ૩૦ હજાર રૂપિયા કમાવવાની લાલચ આપી હતી. કેટલાક મહિલાઓને જિલ્લા કો- ઓર્ડીનેટરના ખોટા હોદાઓ આપ્યા હતા, અને ધીમે ધીમે પૈસા ઉઘરાવવાનું શરૂ કર્યું હતું.

સોશિયલ મીડિયાના માધ્યમથી પોતે મહિલાઓને લાલચા આપી સિવણની તાલીમ, તથા ધૂપ- અગરબત્તીની તાલીમ, ઓર્ગેનિક સાબુ બનાવવાની તેમજ બ્યુટી પાર્લરની તાલીમ આપવાની તેમજ ગ્રહ ઉદ્યોગ માટે કાચો માલ તથા જરૂરી સાધનો પૂરા પાડવા માટેની લાલચ આપી પૈસા ખંખેરવાનું શરૂ કર્યું હતું. જેણે ૬૦૦થી વધુ મહિલા મેમ્બરો બનાવ્યા હતા, અને તેમની ૫૦૦ રૂપિયા રજીસ્ટ્રેશન ફી રાખી હતી, જેણે જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, મોરબી, રાજકોટ સહિતના અલગ અલગ ૧૧ જિલ્લાઓમાંથી ૬૦૦ થી વધુ મહિલાઓને વોટસએપ ગૃપના માધ્યમથી જોડીને કુલ ૩,૧૧,૫૦૦ની રકમ પડાવા લીધી હતી, અને વધુને વધુ ૨ ૫ મેમ્બર બનાવતો હતો. પરંતુ કોઈ પણને કામ કે નોકરી મળી નહોતી.

રજીસ્ટ્રેશન ફી ભરીને ગ્રુપમાં અને ઘરે બેઠા કમાણી કરવાની સ્કીમમાં સામેલ થયલી મહિલાઓને લાંબો સમય સુધી કોઈ કામ ન મળતાં ઘરે બેઠા છેતરાઈ ગયાની લાગણી થઈ હતી. તપાસ કરતાં પોતાની સાથે ઠગાઈ થયાનું જણાતાં જામનગર સાયબર ક્રાઈમને જાણ કરવામાં આવી હતી. જામનગરની એક મહિલા દ્વારા આવી ફરિયાદ જામનગર સાઈબર ક્રાઈમ સેલની ટીમને ફરિયાદ કરવામાં આવી હતી. જેથી સાયબર ક્રાઈમ સેલની ટીમના પોલીસ ઈન્સ્પેક્ટર પી.પી. ઝા અને તેમની ટીમે તપાસ આરંભી હતી અને તપાસનું પગેરૂ અમદાવાદ તરફ નીકળ્યા બાદ સુત્રધાર આરોપી મનસુખ રામાભાઈ જનકાંતને ઝડપી લીધો હતો.

તપાસમાં ખુલ્યા મુજબ છસ્સો મહિલાઓ સાથે ઠગાઈ કરનાર મનસુખ અગાઉ પણ પોલીસ ચોપડે ચડી ચુક્યો હતો. વર્ષ ૨૦૧૪માં જામનગર સીટી સી ડિવીઝન પોલીનસા એક ગુનામાં પકડાતાં તેને સાત વર્ષની સજા પડી હતી. એ પછી કોર્ટમાં પણ વારંવાર ગેરહાજર રહેતો હોઈ તે અંગે પણ તેની અટકાયત થઈ હતી. ટૂંકા માર્ગે પૈસા મેળવવા માટે હવે મહિલાઓને છેતરી લેનારા મનસુખની વિશેષ પુછતાછમાં વધુ કારસ્તાન ખુલવાની પોલીસને આશા છે.

# અંતરિક્ષમાં મહાકાલ સેટેલાઈટ લોન્ચ કરવાની ગૌરવ પૂર્ણ જાહેરાત

## ઈસરોના વડા સોમનાથે ઉજ્જૈનમાં દર્શન કર્યા બાદ માહિતી આપી

નવી દિલ્હી તા. ૨૫

૧૨ જ્યોતિર્લિંગોમાંના એક એવા ભગવાન મહાકાલેશ્વરને ત્રણેય લોકના સ્વામી માનવામાં આવે છે. તેમને પાતાળ, પૃથ્વી અને આકાશમાં પ્રથમ અને સર્વ પૂજનીય દેવતા પણ કહેવામાં આવે છે. હવે ત્રણેય લોકના અધિપતિ ભગવાન મહાકાલના નામે એક સેટેલાઈટ પણ લોન્ચ થવા જઈ રહ્યો છે. ઈજ્જ્ઞ ચીફે ઉજ્જૈનમાં દર્શન બાદ આપી આ વાતની જાણકારી આપી હતી.



ઈસરોના ચીફ એસ. સોમનાથ ગઈકાલે ભગવાન મહાકાલની નગરી ઉજ્જૈન પહોંચ્યા અને ભગવાન મહાકાલના આશીર્વાદ લીધા હતા. મહાકાલેશ્વર મંદિરના પૂજારી રમણ ત્રિવેદીએ જણાવ્યું હતું કે લાંબા સમયથી સોમનાથ શ્રીધર ભગવાન મહાકાલના આશીર્વાદ લેવાનું આયોજન કરી રહ્યા હતા. તેમને મંદિરની મુલાકાત લેવા માટે પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પંડિત ત્રિવેદીએ જણાવ્યું હતું કે ઈસરોના ચીફે એસ. સોમનાથે તેમને વચન આપ્યું છે કે તેઓ મહાકાલ નામનો સેટેલાઈટ પણ લોન્ચ કરશે.

ભગવાન મહાકાલના દેશ-વિદેશમાં કરોડો શિવભક્તો છે. હવે ભગવાન મહાકાલના નામ પર સેટેલાઈટ લોન્ચ કરવાથી તેની ખ્યાતિમાં વધુ વધારો થશે. સામાન્ય રીતે સેટેલાઈટનું નામ ભગવાનના નામ પર રાખવામાં આવતું નથી પરંતુ મહાકાલેશ્વર મંદિર સમિતિના પંડિતો અને પૂજારીઓ ભારતીય અંતરિક્ષ કેન્દ્રના આ નિર્ણયને આવકારી રહ્યા છે. પંડિત અને પૂજારીઓનો દાવો છે કે ભગવાન મહાકાલના નામે જે પણ સેટેલાઈટ અવકાશમાં છોડવામાં આવશે તે સફળતાપૂર્વક તેનું કાર્ય પૂર્ણ કરશે.

અત્યાર સુધી પેસેન્જર બસો, ટ્રેનો અને સંસ્થાઓનું નામ ભગવાન મહાકાલના નામ પર રાખવામાં આવ્યું છે. આ પ્રથમવાર છે જ્યારે ભગવાન મહાકાલના નામ પર સેટેલાઈટ પણ અવકાશમાં છોડવામાં આવશે.

ભગવાન મહાકાલને કાળના સ્વામી પણ કહેવામાં આવે છે. ભગવાન મહાકાલની ઘોષણા કરવાથી બધી સમસ્યાઓ દૂર થાય છે. આ જ કારણ છે કે મધ્યપ્રદેશ સહિત દેશના ઘણા સ્થળોએ પણ ભગવાન મહાકાલના નામ પર સ્થાપના કરવામાં આવી છે.

# કુનો નેશનલ પાર્કમાં બે બાળ ચિત્તાના મોત

ભોપાલ તા.૨૫

મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાંથી વધુ એક ખરાબ સમાચાર આવ્યા છે. ભારતમાં જન્મેલા ચિત્તાના વધુ બે બચ્ચા મૃત્યુ પામ્યા છે. ૩ દિવસમાં ૩ બચ્ચા મૃત્યુ પામ્યા છે. માદા ચિતા જવાલાએ તાજેતરમાં જ ચાર બચ્ચાને જન્મ આપ્યો હતો. કુન મેનેજમેન્ટે



બચ્ચાના મૃત્યુ માટે કડકડતી ગરમીને જવાબદાર ગણાવી છે.મુખ્ય વન સંરક્ષક (વન્યજીવન) મધ્યપ્રદેશ વતી એક પ્રેસનોટ જારી કરીને સમગ્ર પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે. તેમણે કહ્યું છે કે ૨૩ મેના રોજ એક બચ્ચાના મૃત્યુ બાદ ત્રણ બચ્ચા અને માદા ચિત્તા જ્વાલાને પાલપુરમાં તૈનાત ડોકટરોની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. બપોરે મોનિટરિંગ દરમિયાન બાકીના ૩ બચ્ચાની હાલત સામાન્ય જણાતી ન હતી. નોંધમાં કહેવામાં આવ્યું છે કે ૨૩ મે સિઝનનો સૌથી ગરમ દિવસ હતો. અત્યંત ગરમ હવા અને ગરમ લૂ હતી. ત્રણ બચ્ચાઓની અસામાન્ય સ્થિતિ અને ગરમીને ધ્યાનમાં લઈને મેનેજમેન્ટ અને ડોકટરોની ટીમે જરૂરી સારવાર આપવાનું નક્કી કર્યું હતું.

૨ બચ્ચાઓની ગંભીર સ્થિતિને કારણે સારવાર દરમિયાન શ્રેષ્ઠ પ્રયાસો છતાં તેમને બચાવી શકાયા નથી. એક બચ્ચાને ગંભીર હાલતમાં ઈઈઅમાં રાખવામાં આવ્યું છે. સારવાર માટે, નામિબિયા અને દક્ષિણ આફ્રિકાના સહયોગી ચિત્તા નિષ્ણાતો પાસેથી સતત સલાહ લેવામાં આવી રહી છે. એક બચ્ચું હાલ આઈસીયુમાં છે અને તેની હાલત સ્થિર છે.

# અમેરિકા પર વધી ગયું ડિફોલ્ટનું સંકટ, ફીચનો રેટિંગ ઘટાડવાનો સંકેત

## અમેરિકાની AAA રેટિંગને નેગેટિવ વોચમા નાખી દેવાઈ, ક્રેડિટ રેટિંગ પણ ડાઉન ગ્રેડ થવાનું જોખમ

નવી દિલ્હી તા. ૨૫

વિશ્વનો સૌથી ધનિક દેશ અમેરિકા ગંભીર આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. અમેરિકામાં રોકડની અછત છે અને તેની તિજોરી ખાલી થઈ ગઈ છે. અમેરિકા સામે સૌથી મોટી કટોકટી એ છે કે તેને સમયસર જૂની લોન ચૂકવવા માટે નવી લોન લેવાની જરૂર છે, આવી પરિસ્થિતિમાં અમેરિકા પર ડિફોલ્ટ થવાનું સંકટ વધી ગયું છે કારણકે ફીચ દ્વારા રેટિંગ ઘટાડવાના સંકેતો આપવામાં આવ્યા છે.





અત્યારે અમેરિકાની એએએ રેટિંગને નેગેટિવ વોચમાં નાખી દેવામાં આવી છે. સાથોસાથ ક્રેડિટ રેટિંગ ને ડાઉન ગ્રેડ કરવાનો સંકેત પણ આપી દીધો છે.

પરંતુ વિપક્ષી રિપબ્લિકન પાર્ટી સહકાર આપવા તૈયાર નથી. આવી સ્થિતિમાં બાઈડેન સરકારની સામે મુશ્કેલી એ છે કે જો લોન મંજૂર નહીં થાય તો ડિફોલ્ટનું જોખમ વધી જશે.

વાસ્તવમાં અમેરિકાની અર્થવ્યવસ્થા સતત ખાધમાં ચાલી રહી છે. છેલ્લા દાયકામાં અમેરિકાની ખાધ ૪૦૦ મિલિયનથી વધીને ૩ ટ્રિલિયન થઈ ગઈ છે. અમેરિકાની દેવાની મર્યાદા ૩૧.૪ ટ્રિલિયન છે, જ્યારે અમેરિકાએ અત્યાર સુધી ૩૦.૧ ટ્રિલિયનની લોન લીધી છે. એટલે કે હાલની લોનની રકમ મર્યાદાથી દૂર નથી. આ મહિનાના અંત સુધીમાં જો લોન મર્યાદા વધારવાની મંજૂરી ન મળે તો ૧ જૂનથી તેને ડિફોલ્ટ કહી શકાય તેવી સ્થિતી છે.

અમેરિકામાં મંદીની વાર્તા વર્ષ ૨૦૦૧થી જ શરૂ થાય છે. વિશ્વભરમાં ચીની ચીજવસ્તુઓની વધતી જતી સ્પર્ધાના યુગમાં અમેરિકાની અર્થવ્યવસ્થા પર પણ ખરાબ અસર પડી હતી. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા અથવા આફ્રિકન દેશોના બજારમાં ચાઈનીઝ ઉત્પાદનોનો વપરાશ વધવા લાગ્યો. તેની અસર અમેરિકન બિઝનેસ પર પણ પડી. અમેરિકામાં મંદીનો આ સમયગાળો વર્ષ ૨૦૦૮ સુધી ચાલ્યો હતો. તે સમયે ભારત સહિત વિશ્વના ઘણા દેશો અમેરિકન મંદીની ઝપેટમાં આવી ગયા હતા.

# દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈન જેલના બાથરૂમમાં લપસી પડતા દવાખાને ખસેડાયા


નવી દિલ્હી તા. ૨૫

દિલ્હી સરકારના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનને દીન દયાલ ઉપાધ્યાય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, સત્યેન્દ્ર જૈન તિહાર જેલના બાથરૂમમાં ચક્કર આવવાને કારણે પડી ગયા હતા. આ પહેલા પણ સત્યેન્દ્ર જૈન બાથરૂમમાં પડી ગયા હતા.



દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનને આજે ફરી એકવાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તબિયત ખરાબ હોવાની ફરિયાદો મળ્યા બાદ તેમને પશ્ચિમ દિલ્હીની દીન દયાલ ઉપાધ્યાય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જેલના સત્યેન્દ્ર જૈનને ચક્કર આવતાં તેઓ તિહાર જેલના બાથરૂમમાં પડી ગયા હતા. આ પહેલા પણ સત્યેન્દ્ર જૈન બાથરૂમમાં પડી ગયા હતા અને તેમને કરોડરજ્જુમાં ગંભીર ઈજા થઈ હતી. છેલ્લા એક સપ્તાહમાં બીજી વખત સત્યેન્દ્ર જૈનને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

## જાલીનોટ : સમૃદ્ધ થવાનો જોખમી ધંધો

### સફળ થવાનો ટૂંકો માર્ગ જિંદગી બરબાદ કરવા સક્ષમ છે : રવાડે ન ચઢો

વ્યવસાયિક સફળતા નિષ્ફળતા જિંદગીનો એક ભાગ છે. નિષ્ફળતામાંથી પણ ઘણું શીખવા જેવું હોય છે. જોકે ઘણી વખત નિષ્ફળ માણસ સફળ થવા આડા પાટે ચઢીને જિંદગી બરબાદ કરી નાખે છે.

ગઈકાલે રાજકોટમાં જાલી નોટના ગોરખ ધંધાનો પર્દાફાસ થયો. તેનો અભ્યાસ કરો તો ઝડપાયેલા એક આરોપી નિકુંજને વ્યવસાયમાં નિષ્ફળતા મળતા જાલી નોટ છાપીને સમૃદ્ધ થવાનો માર્ગ અપનાવ્યો. અન્ય બે યુવકો પણ આ ગોરખ ધંધામાં જોડાયા પોલીસે ત્રણેયને લાખો રૂપિયાની નકલી ચલણી નોટો સાથે ઝડપી લીધા છે.

સમૃદ્ધ થવાનો ટૂંકો લાગતો આ માર્ગ ખૂબ જોખમી છે. ત્રણેય આરોપીઓ સામે આકરી કલમો લાગશે. આ કલમો રાષ્ટ્રદ્રોહની સમકક્ષ હોય. તેવી હશે જે જીવનને બરબાદ કરવા સક્ષમ છે. જાલી નોટ મામલે ભૂતકાળમાં અનેક લોકોના જીવન બરબાદ થયા છે અને અનેક હજુ સળિયા ગણી રહ્યા છે.

ધંધાની નિષ્ફળતા એ જીવનનો ભાગ છે. નિષ્ફળ માણસની દશા ખરાબ થઈ જતી હોય છે. પરંતુ નફા નુકસાનીના ઘરમાળમાંથી દરેકે પસાર થવાનું જ હોય છે. ઘણા નિષ્ફળ લોકો સંઘર્ષ બાદ સાચા માર્ગ સફળ થવાના દાખલા સમાજમાં છે. આવા લોકો પાસેથી પ્રેરણા લઈને આગળ વધાય ખોટા માર્ગે ચઢવાની પરિવારની પેઢીઓની આબરૂ જાય. ખુદની જિંદગી બરબાદ થાય અને સ્વજનોના જીવન પણ કસ્ટદાયી બની જાય છે.

ગઈકાલની જાલી નોટની ઘટના અંગે એક બાબત ખાસ નોંધનીય છે. કે યુ-ટ્યુબ તથા ઈન્ટરનેટમાંથી માહિતી મેળવીને જાલી નોટ્સ છાપવાનું શરૂ કર્યું હતું. સોશિયલ મીડિયા ઘણી બાબતોમાં આશીર્વાદરૂપ છે. પરંતુ તેના ઉપયોગની સમજ ન હોય તો તે બરબાદીનો માર્ગ બને છે. યુ-ટ્યુબનો ઉપયોગ કરીને જાલી નોટ છાપતા શીખ્યા. જે જિંદગીનો સૌથી ભયાવહ વળાંક ગણાય આજની પેઢી ગુગલને ગુરુ અને વિવિધ એપ્લિકેશનને ભગવાન જેવી સમજી બેઠા છે. આ કારણે ખૂબ આસાનીથી અવળા માર્ગે વળી જાય છે. અવળા માર્ગોના જોખમનું ભાન થાય ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. જીવન બરબાદી તરફ ઢસડાવવા લાગે છે.

નકલી ચલણી નોટ ભારતના અર્થતંત્રનું પતન કરવા સક્ષમ હોય છે. રાષ્ટ્રીદ્રોહીઓ અને આંતકવાદીઓ જાલી નોટને શસ્ત્ર તરીકે વાપરતા હોય છે. માત્ર ધંધાની નિષ્ફળતાના કારણે જાલીનોટ તરફ વળી જવું એ કેટલું મોટું જોખમ વહોરવા સમાન છે. સમૃદ્ધ થવા માટેનો આ માર્ગ જીવનને અને પૂરેપૂરો બરબાદીની મંઝીલે લઈ જાય છે. જાલીનોટ હજુ માર્કેટમાં ચાલી જાય પણ તેમાં સંડેવાયેલા અને ઝડપાયેલા જિંદગી સ્થગિત થઈ જતી હોય છે, ચેતજો...

# ૬૪ ટકા ભારતીયો પાસે રૂ.૨૦૦૦ની નોટ નથી

## દેશભરના ૩૪૧ જિલ્લામા કરવામાં આવ્યો સર્વે, મોટાભાગના લોકો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના પગલાને ટેકો આપે છે

**નવી દિલ્હી તા. ૨૫**

ગત ૧૯ મી મેના રોજ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા રૂપિયા ૨૦૦૦ ના નોટોને ચલણમાંથી પાછી ખેંચી લેવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ તેલ અને સોના ચાંદીના ઘરેણા ખરીદવા માટે લોકો ઝડપ રાખી રહ્યા છે આમ છતાં લોકોમાં ગભરાટ જોવા મળ્યો નથી.



દેશભરમાં કરવામાં આવેલા સર્વેમાં એવી હકીકત બહાર આવી છે કે ૬૪% ભારતીય પાસે રૂપિયા ૨૦૦૦ ની નોટ નથી અને આ બધા જ લોકો રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ના પગલાને સમર્થન આપી રહ્યા છે દેશમાં ત્રણમાંથી બે લોકો રૂપિયા ૨૦૦૦ ની નોટ પાછી ખેંચવાના પગલાને ટેકો આપી રહ્યા છે.

દેશભરના ૩૪૧ જિલ્લાઓમાં ૫૭૦૦૦ થી વધુ લોકોને સર્વેમાં આવરી લેવામાં આવ્યા હતા અને તેનું તારણ સરકાર માટે સહાયક રહ્યું છે અને દેશમાં ફક્ત ૨૨% લોકો જ રૂપિયા ૨૦૦૦ ની નોટ પાછી ખેંચવાના પગલાનો વિરોધ કરી રહ્યા છે.

સર્વેના રિપોર્ટમાં જણાવ્યા મુજબ દેશના ૧૨ ટકા લોકો નો અભિપ્રાય એવો રહ્યો હતો કે નોટને ચલણમાંથી પાછી ખેંચવાથી તેમની લાઈફમાં કે ધંધા રોજગારમાં કોઈ ફરક પડતો નથી અને કોઈ ચિંતા નથી.

એવી હકીકત પણ બહાર આવી છે કે દેશમાં છ ટકા લોકોએ એમ કહ્યું છે કે એમની પાસે રૂપિયા ૨૦૦૦ ના નોટ રૂપિયા એક લાખ અથવા તેનાથી વધુના છે. દેશમાં ૧૫ ટકા લોકો પાસે ૨૦,૦૦૦ જેટલી ૨૦૦૦ ની નોટ છે જ્યારે સાત ટકા લોકો પાસે ૨૦ થી ૪૦ હજાર રૂપિયા સુધી ૨૦૦૦ ની નોટ છે.


આમ દેશભરમાં કરવામાં આવેલા સર્વેમાં મોટાભાગના નાગરિકોએ આ પગલાને ટેકો આપ્યો છે અને વિરોધ કરનારાઓની સંખ્યા દેશમાં ખૂબ જ ઓછી નીકળી છે અને આ હકીકત કેન્દ્ર સરકાર માટે સહાયક છે

# કર્ણાટકની નવી સરકાર હીજાબ પરનો પ્રતિબંધ હટાવી શકે છે

## મંત્રીએ આપ્યો સંકેત, ભાજપના શાસન દરમિયાન મુકાયેલા પ્રતિબંધની સમીક્ષા કરવામાં આવશે

**નવી દિલ્હી તા. ૨૫**

કર્ણાટકમાં શૈક્ષણિક સંસ્થાઓમાં હિજાબ પહેરવા પર ભાજપના શાસન દરમિયાન લગાવવામાં આવેલા પ્રતિબંધને કોંગ્રેસની નવી ચૂંટાયેલી સરકાર હટાવી શકે છે તેવી પૂરેપૂરી શક્યતા હોવાનું બહાર આવ્યું છે.



નવી સરકારના મંત્રી પ્રિયાંક ખડગે એ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે આ પ્રકારના પ્રતિબંધ અને ખરડા ની સમીક્ષા કરવામાં આવશે અને જે ખરડા થી રાજ્ય ની પ્રતિષ્ઠા ને હાની પહોંચે અને આર્થિક નીતિઓને નુકસાન થાય તેની સમીક્ષા કરવામાં આવશે એ જ રીતે જે ખરડો વ્યક્તિના અધિકારોનું હનન કરતા હોય અને ગેર બંધારણીય હોય તેની પણ સમીક્ષા કરવામાં આવશે.

ભાજપના શાસન દરમિયાન હિજાબ પરના પ્રતિબંધને લઈને મારે મોટી બબાલ થઈ ગઈ હતી અને તેને પગલે સમગ્ર દેશના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો અને ભારે હંગામો થયો હતો આમ છતાં ભાજપ સરકાર પોતાના નિર્ણયમાં અડગ રહી હતી.

કર્ણાટકમાં નવી સરકાર આવી ગયા બાદ અલગ અલગ સંસ્થાઓ દ્વારા નિર્ણયની સમીક્ષા કરવાની રજૂઆતો કરવામાં આવી હતી અને તેને પગલે કર્ણાટકની નવી સરકારના મંત્રીએ પણ તેમની સમીક્ષા કરવાનો સંકેત આપ્યો છે અને પ્રતિબંધને હટાવી લેવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે અને ત્યારબાદ પણ રાજકીય સંઘર્ષ વધી જશે તેમ પણ માનવામાં આવે છે.

# રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત સામે માનહાનીનો કેસ

**નવી દિલ્હી તા. ૨૫**

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા અપરાધિક માનહાનિના કેસમાં દિલ્હી પોલીસે રાઉઝ એવન્યુ કોર્ટમાં પોતાનો રિપોર્ટ દાખલ કર્યો છે. કોર્ટે દિલ્હી પોલીસના રિપોર્ટને સ્વીકારી લીધો છે. કેન્દ્રીય જલ શક્તિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ગેહલોત વિરુદ્ધ અપરાધિક માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.



દિલ્હી પોલીસના રિપોર્ટના આધારે રાઉઝ એવન્યુ કોર્ટ ૧ જૂને સુનાવણી કરશે. રિપોર્ટના આધારે કોર્ટ નક્કી કરશે કે રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતને કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતની માનહાનિની ફરિયાદ પર સમન્સ જારી કરવામાં આવે કે નહીં.

# એક સપ્તાહમાં ૧૦૦૦૦ બોગસ જીએસટી રજીસ્ટ્રેશન પકડાયા

## કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓ દ્વારા સંયુક્ત રીતે ૧૫મી મે થી શરૂ થયેલા અભિયાન ને મળી સફળતા

**નવી દિલ્હી તા.૨૫**

જીએસટી ના વ્યવસ્થા તંત્રમાં ઘણી બધી ખામીઓ રહેલી છે તે વાત હવે નવી રહી નથી પરંતુ જીએસટીમાં કૌભાંડો અને ગેરરીતિઓ અટકતા નથી તે એક સત્ય હકીકત છે અને તેની સામે તંત્ર વામણુ પુરવાર થઈ રહ્યું છે.




સેન્ટ્રલ અને સ્ટેટ ના અધિકારીઓ દ્વારા એક જ સપ્તાહની અંદર ૧૦૦૦૦ જેટલા બોગસ જીએસટી રજીસ્ટ્રેશન પકડવામાં આવ્યા છે અને આ અભિયાન હજુ પણ આગળ ચાલવાનું છે અને હજુ ઘણા બધા બોગસ રજીસ્ટ્રેશન બહાર આવવાની સંભાવના છે.

અધિકારીઓ દ્વારા પંદરમી મેથી ચકાસણી અને તપાસનું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું અને તે ૧૫ મી જુલાઈ સુધી ચાલુ રહેવાનું છે ત્યારે તપાસના પ્રથમ સપ્તાહમાં ૧૦,૦૦૦ જેટલા રજીસ્ટ્રેશન બહાર આવ્યા છે.

એ જ રીતે ઇન્વાઇસીસમાં પણ ગોરખધંધા બહાર આવ્યા છે અને જે બોગસ રજીસ્ટ્રેશન પકડાયા છે તે બારામાં સખત પગલા લેવાની તૈયારી કરવામાં આવી રહી છે અને હજુ પણ તપાસ અને ચકાસણીનુ આ અભિયાન દેશભરમાં ચાલુ જ રાખવામાં આવશે તેમ અધિકારીઓએ કહ્યું છે અને હજુ મોટા પ્રમાણમાં બોગસ રજીસ્ટ્રેશન બહાર આવવાની શક્યતા છે.

મીડિયાને અધિકારીઓએ એવી માહિતી આપી છે કે આ તપાસ અને ચકાસણી અભિયાન દરમિયાન અધિકારીઓ દ્વારા ડોર ટુ ડોર સરનામાના ફિઝિકલ વેરિફિકેશન કરવામાં આવી રહ્યા હતા અને તે દરમિયાન બોગસ રજીસ્ટ્રેશન મોટા પ્રમાણમાં નિકળી પડ્યા છે.

# ઉનાળુ મગફળીની આવક થતાં સિંગતેલમાં ડબ્બે વધુ રૂપિયા ૧૫ તૂટયા

**રાજકોટ મિરર, તા.૨૫**

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં ખાદ્યતેલોમાં મંદીનો માહોલ વધુને વધુ તીવ્ર બનતો રહ્યો છે. છેલ્લા કેટલાક સમયમાં ખાદ્યતેલોનાં ભાવો સતત ઘટી રહ્યા છે. ત્યારે સીંગતેલનો ડબ્બો આજે વધુ રૂ. ૧૫નાં ઘટાડાની સાથે ૨૮૦૦-૨૮૫૦ બોલાયો હતો. છેલ્લા પંદર દિવસમાં સીંગતેલનાં ભાવમાં ૧૦૦થી વધુ રૂપિયાનો ઘટાડો થયો છે. સાથે કપાસિયા-પામોલીન તેલમાં પણ રૂ. ૧૦-૧૫નો ઘટાડો નોંધાયો છે. તેમજ આગામી દિવસોમાં ઘટાડો આગળ વધવાની સંભાવના વેપારીઓએ વ્યકત કરતા ગૃહિણીઓમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

ખાદ્યતેલોમાં ખાસ કરીને સાઈડ તેલોનાં ભાવમાં છેલ્લા એક વર્ષમાં સરેરાશ ઘટાડો નોંધાયો છે. કપાસિયા તેલ, સનફલાવર ઓઈલ તેમજ મકાઈ તેલનાં ડબ્બાનો ભાવ રૂ. ૧૫૦૦-૧૫૫૦ આસપાસ ચાલી રહ્યો છે. સાથે પામોલીન તેમજ સોયાબીન તેલના ભાવ પણ રૂ. ૧૫૦૦ અને ૧૫૫૦ની વચ્ચે ચાલી રહ્યા છે. આ બધા તેલના ૧૦ કિલોનાં ટીનનો ભાવ રૂ. ૮૭૦-૮૯૦ વચ્ચે ચાલી રહ્યો છે.

તેલોમાં ભાવો ઘટતા તેની અસર સીંગતેલ ઉપર પણ જોવા મળી છે. અને પંદર દિવસ પહેલા સીંગતેલનો જે નવો ૧૫ કિલોનો ડબ્બો રૂ. ૨૯૫૦ આસપાસ મળતો હતો તેનો ભાવ ઘટીને હાલમાં રૂ. ૨૮૦૦-૨૮૫૦ જેટલો ચાલી રહ્યો છે. આ માટેનું કારણ જોઈએ તો ખાસ નવી એટલે કે ઉનાળુ મગફળીની આવક શરૂ થઈ ચૂકી છે.

આ ઉપરાંત આપણે ત્યાં બંગાળ અને યુપીની મગફળી પણ આવી રહી છે. જે આવક આગામી સમયમાં વધવાની શક્યતા છે. તેમજ અન્ય તમામ તેલોનાં ભાવમાં ઘટાડો હોવાને કારણે સીંગતેલમાં હવે તેજી થવાની કોઈ શકયતા લાગતી નથી.વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઉનાળુ માલની આવક વધી રહી છે. તેમજ વિશ્વબજારો સતત તૂટી રહી છે. તેને કારણે માર્કેટ સતત દબાણ હેઠળ છે.






‘પતિ, પત્નિ ઔર પ્રેમી’ના કિસ્સામાં પત્નિએ જ પ્રેમીને ફોન કરી વોચ રખાવી કાંટો કઢાવી નાંખ્યોઃ શંકા ન જાય એટલે પોતાના પર પણ હુમલો કરાવ્યો

# પ્રેમાંધ અર્ધાંગીનીની ક્રુરતા

## પારકાના પ્રેમમાં પત્નિ પાગલ બની, પ્રેમીને પામવા પતિ માટે જીવલેણ બની

### પરમ દિવસે રાતે થયેલી હત્યાનો ભેદ પોરબંદર પોલીસે કલાકોમાં ઉકેલ્યોઃ હત્યારણ પત્નિ, તેના પ્રેમી અને પ્રેમીના બે મિત્રોને દબોચી લીધાઃ બે સંતાનને જનેતાએ જ બાપ વિહોણા કર્યા

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ તા.૨૫**

પત્નિને પતિની અર્ધાંગિની ગણવામાં આવે છે. પતિના સુખ, દુઃખમાં તે સતત સાથે રહે છે અને જન્મોજનમનો સાથ નીભાવવાના વચનો આપે છે. પણ ઘણીવાર અર્ધાંગીની જ પતિનો જીવ લઈ લે તો? આ સવાલ ચોંકાવી દે તેવો છે. પોરબંદરમાં બનેલી હત્યાની એક ઘટનામાં પતિ માટે ખુદ પત્નિ જ જીવલેણ બની હતી. આ હત્યા પાછળ પત્નિનું પરપુરૂષ સાથેનું લફરૂ કારણભુત હતું. પોતાના આડાસંબંધમાં પતિ કણાની જેમ ખુંચતો હોઈ તેને ઠામુકો પતાવી દેવાનો પ્લાન ઘડી આ પત્નિએ પ્રેમીને જાણ કરી પતિને પુરો કરાવી નાંખ્યો હતો. પોરબંદરના એમજી રોડ પર ખીજડી પ્લોટ નજીક પરિવાર સાથે બાઈક પર જઈ રહેલા યુવાન પર છરી વડે હુમલો કરી હત્યા નિપજાવવામાં આવી હતી. આ કિસ્સામાં પોલીસે તપાસ હાથ ધરતા ખળભળાટ મચાવતી પતિ, પત્નિ ઔર પ્રેમીનો કિસ્સો સામે આવ્યો હતો અને આ યુવાનની હત્યા તેની જ પત્નિએ પોતાના પ્રેમી દ્વારા કરાવી હોવાનું ખુલતાં પોલીસે હત્યારણ સહિત ચારને પકડી લીધા છે.

મર્ડર મિસ્ટ્રી પર નજર કરીએ તો પોરબંદરના નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતો પાંત્રી સવર્ષના કાયાભાઈ રામભાઈ ગંઢ નામનો યુવાન પરમ દિવસે રાતે પોતાની પત્નિ નીતા અને બે બાળકો સાથે દવા લઈ બાઈક પર ઘરે પરત ફરી રો હતો ત્યારે ખીજડીપ્લોટ ખાતે આવેલ ટ્રાફિક ચોકી પાસે પહોંચતા બાઈક પર આવેલા ત્રણ શખ્સોએ બાઈકને આંતરી લીધુ હતું. કાયાભાઈ કંઈ સમજે વિચારે એ પહેલા એક શખ્સ છરીથી તૂટી પડ્યો હતો. પતિને બચાવવા વચ્ચે પડેલી પત્નિ નીતાને પણ હાથમાં છરી લાગી ગઈ હતી.

છરીના ઘા ઝીંકી ત્રણેય શખ્સો ત્યાંથી બાઈક પર નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત



બનેલા દંપતીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા જ્યાં ફરજ પરના તબીબે કાયાભાઈને મૃત જાહેર કરતાં હત્યાની ઘટના જાહેર થઈ હતી. પત્નિ નીતાએ છેક સુધી પોતે કંઈ જાણતી નથી, કોણ હુમલાખોર હતાં તેની પોતાને ખબર નથી એવું જ રટણ કર્યુ હતું. પરંતુ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી તપાસનો દોર આગળ વધારતાં જ જે પર્દાફાશ થયો હતો તે સૌને ચોંકાવી ગયો હતો.

પોલીસે કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી નાંખી કાયાભાઈને છરી મારનાર શખ્શ રહિમ હુસેન ખીરાણીને ઝડપી લીધો હતો. તેની પૂછપરછ કરતા તેણે એવું જણાવ્યું હતું કે તેને કાયાભાઈની પત્નિ નીતા સાથે પ્રેમ સબંધ છે. જે અંગે કાયાભાઈને જાણ થતા ઝગડો પણ થયો હતો.આથી નીતા સાથે મળીને કાયાભાઈની હત્યા કરવા પૂર્વ આયોજિત કાવતરૂં ઘડવામાં આવ્યું હતું અને પરમ દિવસે રાત્રે નીતાએ પતિ સાથે દવા લઈ પરત ફરતી હોવાની જાણ પોતાને એટલે કે રહીમને કરી હતી. આથી રહીમ બાઈક પર પોતાના સાથીદારો મેરાજ ઈકબાલ પઠાણ અને તૌફિક અનીશ ભટ્ટી સાથે ખીજડી પ્લોટ નજીક નીતા અને તેનો પતિ પસાર થાય તેની રાહ જોતો છુપાઈ રો હતો. જેવો કાયાભાઈ અને તેની પત્નિ તથા બાળકો બાઈક પર નીકળ્યા તેવા જ તેને આંતરી લઈ છરીથી હુમલો કર્યો હતો. શંકા ન જાય એ માટે પ્રેમિકા નીતાને પણ ઘાયલ કરી હતી. પરંતુ પોલીસ સામે આ સમગ્ર કાવતરું ઉઘાડુ પડી ગયું હતું. ખુદ પત્નિ જ પતિ માટે જીવલેણ બની હોવાનું ખુલતાં પોલીસ પણ ચોંકી ગઈ હતી.

પોલીસે હત્યારણ પત્નિ નીતા તથા તેના પ્રેમી સહિત ચારેયની વધુ પૂછપરછ હાથ ધરી હતી. તેમજ સાંજે બનાવના સ્થળે તેઓને લઈ સમગ્ર ઘટના નું રીકન્સ્ટ્રકશન પણ હાથ ધર્યુ હતું. હત્યામાં વપરાયેલ છરી પણ પોલીસે કબ્જે કરી છે. હત્યાના આ બનાવ અંગે પોલીસે મૃતક કાયાભાઈના ભાઈ વાલાભાઈ રામાભાઈને ફરીયાદી બનાવી ચારેય સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કાયાભાઈના નીતા સાથેના પંદર વર્ષના લગ્નજીવન દરમ્યાન તેઓને બે બાળકો પણ છે. માતાના પરપુરૂષ સાથેના લફરાને કારણે આ બાળકોએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

# દેવભૂમિ બની રહી છે ડિજિટલ ભૂમિ

**નવી દિલ્હી તા. ૨૫**

કેન્દ્રીય રેલ્વે અને ટેલિકોમ મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે ચારધામમાંથી એક ગંગોત્રીમાં દેશની ૨ લાખમી 5G સાઈટનું ઉદઘાટન કર્યું હતું. આ સાથે તેમણે ચારધામ (બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમુનોત્રી) ફાઈબર કનેક્ટિવિટી પ્રોજેક્ટ પણ લોન્ચ કર્યો. આ દરમિયાન તેમણે કહ્યું કે દેવભૂમિ હવે ડિજિટલ ભૂમિ બની રહી છે. વૈષ્ણવે કહ્યું કે 5G કનેક્ટિવિટી સાથે ચારધામની યાત્રા કરતા ભક્તોને બહેતર કોલ કનેક્ટિવિટી, વીડિયો કોલ, ઈન્ટરનેટ કનેક્ટિવિટીની વધુ સારી સુવિધા મળશે.

**ઉત્તરાખંડના ચારધામ ફાઈવ-જી કનેક્ટિવિટી સાથે જોડાયા**

તેમણે કહ્યું કે 5G કનેક્ટિવિટી સાથે અહીં આવતા લાખો શ્રદ્ધાળુઓ હાઈ-સ્પીડ ડેટા નેટવર્કનો લાભ લઈ શકશે. એક સમય એવો આવ્યો જ્યારે વિશ્વમાં ક્રાંતિ થઈ રહી હતી, પરંતુ ભારતમાં ટેલિકોમ સેક્ટરની એક અલગ છબી ઊભી થઈ હતી. અનેક કૌભાંડ થયા 2G, 3Gનો જે પણ યુગ હતો તે પાછળ ગયો છે, 4G અને 5G પર કામ કરવું પડશે. અશ્વિની વૈષ્ણવે કહ્યું કે 4Gમાં સારી પ્રગતિ થઈ છે પરંતુ 5Gમાં રેકોર્ડ બન્યો છે.

# પોર્ન અને ડ્રગની લતઃ 30 બાળકીઓને બનાવી શિકાર, બળાત્કાર કરીને હત્યા કરી નાખતો

## મજૂરી કરતો યુવાન હેવાન બન્યો, અદાલતે ફટકારી આજીવન કેદ

**નવી દિલ્હી તા. ૨૫**

છ વર્ષની બાળકીનું અપહરણ કરીને તેની સાથે બળાત્કાર કરીને હત્યા કરી નાખનાર રવિન્દ્ર કુમાર નામના માનવના રૂપમાં રાક્ષસ ને અદાલતે આજીવન કેદની સજા ફટકારી છે.

પાછલા દિવસો દરમિયાન તેને દોષિત જાહેર કરવામાં આવ્યો હતો અને દિલ્હીની રોહિણી કોર્ટમાં આજે તેને સજા સંભળાવવામાં આવી હતી. ૨૦૦૮ થી ૨૦૧૫ ની વચ્ચે આ રાક્ષસે ૩૦ જેટલી બાળકીઓને શિકાર બનાવી હતી.

માસુમ બાળાઓનું અપહરણ કરીને તેમની સાથે બળાત્કાર કરતો હતો અને પછી તેમને મોતને ઘાટ ઉતારી દેતો હતો. જોકે હજુ ત્રણ કેસના ટ્રાયલ થયા છે અને બાકીના કેસમાં પણ તેને સજા થઈ શકે છે.



પોલીસના જણાવ્યા મુજબ કુમાર મૂળ રૂપથી ઉત્તરપ્રદેશના રહેવાસી છે અને છેલ્લા ઘણા સમયથી દિલ્હીમાં રહીને મજૂરી કરતો હતો અને તે દરમિયાન તે નશીલી દવાઓ લેવા લાગ્યો હતો અને પોર્ન ફિલ્મ જોવાનો વ્યસની બની ગયો હતો. એક પછી એક ત્રીસ જેટલી બાળકીઓના અપહરણ કરીને તેમની સાથે બળાત્કાર કરીને હત્યા કરી નાખી હતી.

આ હરામખોર યુવાન પોતાની માતા સાથે ઉત્તર પ્રદેશથી દિલ્હી આવ્યો હતો અને તેની માતા ઘર કામ કરી ને ગુજરાન ચલાવતી હતી.

રવિન્દ્રકુમાર રાત્રે મોડે સુધી પોર્ન ફિલ્મો જોતો હતો અને ત્યારબાદ બાળાઓના અપહરણ કરીને તેમને ઉપાડી જતો હતો અને તેમની સાથે બળાત્કાર કરીને તેમને મારી નાખતો હતો. બાળકીઓને શોધવા માટે ૪૦ કિલોમીટર સુધી પગે ચાલીને જતો હતો.

૨૦૧૪માં તેને છ વર્ષની બાળકી સાથે બળાત્કાર અને ત્યારબાદ હત્યા કરવાના કેસમાં પોલીસે ધરપકડ કરી હતી.

# મોટામવામાં કપાતરે હથોડીના ઘા ઝીંકી પિતાને પતાવી દીધા

## માનસિક બિમાર પિતાની હત્યા કરનાર આરોપીની ધરપકડ

રાજકોટ તા. ૨૫ : રંગીલુ રાજકોટ રક્તરંજીત બન્યું હોય તેમ છાસવારે હત્યાની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. ત્યારે વધુ એક બનાવમાં મોટામવા વિસ્તારમાં માનસીક બીમાર પિતાને હથોડાના ઘા ઝીંકી પુત્રએ મોતને ઘાટ ઉતારી દીધા હતા. જે ઘટના પ્રકાશમાં આવતા ખળભળાટ મચી જવા પામી છે. આધેડના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આબનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટ શહેરના મોટામૌવામાં પંચાયત પાસે આવેલા જૂનાવાસમાં રહેતા નાથાભાઈ ડાયાભાઈ પરમાર નામના આધેડ પોતાના ઘરે હતા ત્યારે તેના પુત્ર ધર્મેશે હથોડાના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ અંગે તાલુકા પોલીસને જાણ થતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડના મૃતદેહને પોસ્ટમોટર્મ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક નાથાભાઈ પરમાર છેલ્લા ઘણા સમયથી માનસીક બિમારીમાં સપડાયા હતા. અને નાથાભાઈ પરમાર આજે પોતાના ઘરે હતા તે દરમિયાન પુત્ર ધર્મેશ પરમારે જ હથોડાના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હોવાનું જાણવા મળ્યું છે.

# પતિ કે પત્ની યોગ્ય કારણ વગર લાંબો સમય શારીરિક સંબંધની ના પાડે તો એ માનસિક ક્રૂરતા સમાન : અલ્હાબાદ હાઈકોર્ટ

## પત્ની લગ્નના બંધનને સ્વીકારવા તૈયાર ન હોય લગ્ન બંધનમાંથી મુક્ત કરાઈ

**અલ્હાબાદ, તા.૨૫**

જો પતિ-પત્ની વચ્ચે લાંબા સમય સુધી શારીરિક સંબંધ ન હોય તો તે માનસિક ત્રાસ અને ક્રૂરતા હોઈ શકે છે અને તેના આધારે છૂટાછેડા લઈ શકાય છે. અલાહાબાદ હાઈકોર્ટે ગયા અઠવાડિયે ક્રૂરતાના સમાન કૃત્યના આધારે એક યુગલના લગ્નને તોડી નાખ્યા હતા. પોતાના ચુકાદામાં કોર્ટે કહ્યું કે પતિ કે પત્નીને યોગ્ય અને પર્યાપ્ત કારણ વગર લાંબા સમય સુધી પોતાના પાર્ટનર સાથે શારીરિક સંબંધ બાંધવાની મંજૂરી ન આપવી એ પોતે જ માનસિક ક્રૂરતા સમાન છે.

જસ્ટિસ સુનીત કુમાર અને જસ્ટિસ રાજેન્દ્ર કુમાર ઈંટ ની બેન્ચે હિંદુ મેરેજ એક્ટ, ૧૯૫૫ની કલમ ૧૩ હેઠળ છૂટાછેડાની અરજી ફગાવી દેતા ફેમિલી કોર્ટના આદેશને પડકારતી પતિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ચુકાદો આપ્યો હતો.

ફેમિલી કોર્ટ, વારાણસીના મુખ્ય ન્યાયાધીશના આદેશને બાજુ પર મુકતા હાઈકોર્ટે કહ્યું, ‘‘એવો કોઈ સ્વીકાર્ય અભિગમ નથી કે જેમાં પતિ કે પત્નીને જીવનભર સાથે રહેવા માટે મજબૂર કરી શકાય, તેથી બંને પક્ષોને લગ્ન કરવાની ફરજ પાડવામાં આવે છે.‘‘ તેને હંમેશ માટે બાંધવાની કોશિશ કરવાથી પણ કંઈ મળતું નથી, વાસ્તવમાં આ લગ્ન થઈ ગયા છે.



લાઈવ લોના અહેવાલ મુજબ પીડિતાના પતિએ વારાણસીની ફેમિલી કોર્ટના આદેશ વિરુદ્ધ અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે દંપતી (વાદી-અરજીકર્તા/પતિ અને પ્રતિવાદી-પત્ની)ના લગ્ન મે ૧૯૭૯માં થયા હતા. થોડા સમય પછી તેની પત્નીનું વર્તન બદલાઈ ગયું અને તેણે તેની સાથે પત્ની તરીકે રહેવાની ના પાડી. ઘણી સમજણ હોવા છતાં પત્નીએ પતિ સાથે શારીરિક સંબંધ બાંધ્યો ન હતો. અરજદારના જણાવ્યા મુજબ, થોડા સમય માટે બંને એક જ છત નીચે રહેતા હતા, પરંતુ થોડા સમય પછી પ્રતિવાદી સ્વેચ્છાએ તેના માતાપિતાના ઘરે ગઈ અને અલગ રહેવા લાગી. અરજદારે વધુમાં જણાવ્યું હતું કે તેના લગ્નના છ મહિના પછી, જ્યારે તેણે તેની પત્નીને તેના સાસરે પરત આવવા માટે તેણીની વૈવાહિક જવાબદારીઓ નિભાવવા અને વૈવાહિક બંધનનું સન્માન કરવા સમજાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેણીએ પાછા આવવાનો ઈનકાર કર્યો.

જુલાઈ ૧૯૯૪માં પંચાયત બોલાવવામાં આવી હતી અને જ્યારે પંચાયત સમુદાયના રિવાજો અનુસાર આ નિષ્કર્ષ પર પહોંચી ત્યારે બંનેએ છૂટાછેડા લેવા જોઈએ. તદનુસાર, પતિને કાયમી ભરણપોષણ તરીકે રૂ. ૨૨,૦૦૦ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ પછી પત્નીએ બીજા લગ્ન કર્યા અને જ્યારે પતિએ માનસિક ક્રૂરતા આચરી. લાંબા ત્યાગ અને છૂટાછેડા કરારના આધારે માંગવામાં આવેલ છૂટાછેડાનો હુકમ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો ન હતો. તેથી, કોર્ટે આ મામલે પૂર્વ પક્ષીય સુનાવણી ફેમિલી કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા સમગ્ર પુરાવાઓની તપાસ કર્યા બાદ, વાદી-અરજીકર્તા (પતિ)નો કેસ પુરવાર થઈ શક્યો ન હતો જો કે, હાઈકોર્ટને જાણવા મળ્યું કે બંને પતિ-પત્ની લાંબા સમયથી અલગ રહેતા હતા અને પતિના કહેવા મુજબ પત્ની લગ્નના બંધનને સ્વીકારવા તૈયાર નથી. તે પારિવારિક અને વૈવાહિક જવાબદારીઓ નિભાવવા તૈયાર નથી. હાઈકોર્ટે તેના આધારે તેમના લગ્નને રદ કરવા હુકમ કર્યો હતો.

# હવે જેટલી જરૂર છે એટલી જ ટેબલેટ ખરીદી શકાશે

**નવી દિલ્હી તા. ૨૫**

કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા એક યોજના પર કામ કરવામાં આવી રહ્યું છે જે મુજબ આગામી સમયમાં લોકોને દવા ખરીદવામાં કોઈ તકલીફ પડશે નહીં અને ટેબલેટ ખરીદવા જાય ત્યારે જેટલી જરૂર છે એટલી જ ખરીદી શકશે અને કેમિસ્ટ ગ્રાહકોને ધરાર આખે આખી સ્ટ્રીપ ખરીદવા માટે મજબૂર કરી શકશે નહીં.

હવેથી નવા સુધારા વધારા મુજબ દવાની સ્ટ્રીપના દરેક ભાગમાં તેના ઉત્પાદન તેમજ એક્સપાયરીની તારીખો લખાવેલી હશે અને જેટલી જરૂર હોય એટલી જ ટેબલેટ ખરીદી શકાશે એ જ રીતે દવા ની સ્ટ્રીપ પર ક્યુ આર કોડ અંકિત કરવામાં આવશે.

કેમિસ્ટ દ્વારા ગ્રાહકોને ધરા ટેબલેટની આખે આખી સ્ટ્રીપ ખરીદવા માટે મજબૂર કરવામાં આવે છે તેવી ફરિયાદો મળ્યા બાદ ગ્રાહક મંત્રાલય દ્વારા નવીનીતિ બનાવવામાં આવી રહી છે અને ગ્રાહકોના હિતોની રક્ષા માટે સમાધાન શોધવાનો પ્રયાસ થઈ ગયો છે અને ફાર્મા ઉદ્યોગ સાથે ઝીણવટભરી મંત્રણા શરૂ કરવામાં આવી છે.

આગામી થોડાક સમયમાં આ યોજનાને અંતિમ રૂપ આપી દેવામાં આવશે અને ત્યારબાદ તેની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવશે અને દવા ખરીદવા માગતા ગ્રાહકોને વધુ સંતોષ આપવામાં આવશે અને જેટલી જરૂર છે એટલી જ દવા એટલે કે ટેબલેટ ખરીદી શકે તેવી વ્યવસ્થા નું નિર્માણ કરવામાં આવશે.



**કેમિસ્ટ ગ્રાહકોને ધરાર આખી દવાની સ્ટ્રીપ ખરીદવા મજબૂર નહીં કરી શકે, કેન્દ્ર સરકાર ઔષધ નીતિમાં સુધારા વધારા કરશે**

દરમિયાનમાં એવો પ્રયાસ પણ થઈ રહ્યો છે કે દવાઓના પેકિંગમાં નવી ટેકનોલોજી નો ઉપયોગ કરવામાં આવશે અને આ મુદ્દા પર ફાર્મા ઉદ્યોગ સાથે ચર્ચા થઈ રહી છે અને ટૂંક સમયમાં જ અંતિમ નિર્ણય લેવાઈ જશે.

# મોદીના નેતૃત્વમાં ભારતનું વૈશ્વિક કદ વધ્યું, દેશની જનતાનો મત

## વિશેષ સર્વેક્ષણનું તારણ, ચીન પાકિસ્તાન સામે ભારતનું વલણ ખૂબ સારું છતાં બેરોજગારી અને મોંઘવારી અંગે ચિંતા, વિકાસનો લાભ ફક્ત અમીરોને થયો

નવી દિલ્હી તા. ૨૫

કેન્દ્રની મોદી સરકારના નવ વર્ષ આવતીકાલે ૨૬ મેના રોજ પૂરા થઈ રહ્યા છે અને આ નવ વર્ષોમાં જનતા ની આશા પૂરી કરવામાં મોદી સરકાર કેટલી સફળ રહી છે તે જાણવા માટે સીએસડીએસ ના સહયોગ સાથે એનડીટીવી દ્વારા એક વિશેષ સર્વે કરવામાં આવ્યો હતો અને તેમાં મોટાભાગના નાગરિકોએ એવો મત વ્યક્ત કર્યો હતો કે મોદીના નેતૃત્વમાં ભારતનું વૈશ્વિક કદ વધી ગયું છે.

આમ છતાં દેશમાં બેરોજગારી અને મોંઘવારી અંગે લોકોએ ચિંતા વ્યક્ત કરી છે અને ઘણા બધા લોકોએ અભિપ્રાય પણ આપ્યો છે કે હવે ભારત દુનિયાના સૌથી આકર્ષક રોકાણ ડેસ્ટિનેશન તરીકે સ્થાપિત થયો છે.

જે લોકોને સર્વેમાં આવરી લેવામાં આવ્યા હતા તે પૈકીના ૬૩% લોકોએ એમ કહ્યું હતું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતનું વૈશ્વિક કદ વધી ગયું છે જ્યારે ૨૩% લોકો સહમત ન હતા. વિશ્વભરમાં ભારત હવે રોકાણ માટે શ્રેષ્ઠ દેશ બની ગયો છે તેમ માનનારો વર્ગ બહુ મોટો છે અને તેની ટકાવારી ૫૫ ટકા જેટલી રહી છે.

જોકે ચીન સામે લાલ આંખ કરવામાં મોદી સરકાર થોડી નબળી રહી છે કારણ કે ૨૮% લોકોએ આ બારામાં મોદી સરકારની નબળાઈ બતાવી હતી જ્યારે ૨૯% લોકોએ વખાણ કર્યા હતા. પાકિસ્તાન સામે ભારતનું જે વલણ રહ્યું છે તે વિશે પણ લોકોનો મત ઉપરોક્ત ટકાવારીમાં જ રહ્યો હતો.

આમ છતાં આ સર્વેક્ષણમાં મોટા ભાગના લોકોએ દેશમાં ચિંતા જન્મમાં રહેલી બેરોજગારી અને મોંઘવારીના મુદ્દાને સૌથી મોટા મુદ્દા અને સૌથી મોટી સમસ્યા તરીકે ગણાવ્યા હતા અને એ જ રીતે ગરીબીનો મુદ્દો પણ સૌથી મહત્વનો ગણાવ્યો હતો.



## વડાપ્રધાન વિદેશથી આવતાવેત કામે લાગી ગયા

**ઉતરાખંડને આપી મોટી ભેટ અને રાજ્યની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી**

નવી દિલ્હી તા. ૨૫

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તરાખંડને મોટી ભેટ આપી છે. રાજ્યની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને વડાપ્રધાન મોદીએ લીલી ઝંડી બતાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી આનંદ વિહાર રેલ્વે સ્ટેશન પર વર્ચ્યુઅલ માધ્યમથી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૨૮ મેથી દહેરાદૂન અને દિલ્હી વચ્ચે નિયમિતપણે દોડવાની છે. આ અગાઉ મંગળવારે દિલ્હી અને દેહરાદૂન વચ્ચે આઠ ડબ્બાવાળી આ એક્સપ્રેસ ટ્રેનનું ટ્રાયલ રન સફળ રહ્યું હતું. આ ટ્રેન બુધવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ સવારે ૭.૦૦ કલાકે દોડશે. રેલવે બોર્ડના જોઈન્ટ ડાયરેક્ટે જણાવ્યું હતું કે ટ્રેનમાં દેહરાદૂન અને દિલ્હી વચ્ચે માત્ર પાંચ સ્ટોપેજ હશે. આ સ્ટોપેજમાં હરિદ્વાર, રૂરકી, સહારનપુર, મુઝફ્ફરનગર અને મેરઠનો સમાવેશ થાય છે. ટ્રેનની મહત્તમ સ્પીડ ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. આ ઉપરાંત સરેરાશ સ્પીડ ૬૩.૪૧ નક્કી કરવામાં આવી છે. ટ્રેનનું ભાડું પણ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાડું શતાબ્દી એક્સપ્રેસ કરતા ૧.૨ થી ૧.૩ ટકા વધુ હોઈ શકે છે.

# ChatGPTની મદદથી ૧૦૦થી વધુ પુસ્તકો લખ્યા, ૯ મહિનામાં બની ગયો લેખક

## એ.આઈ.ની મદદથી ઘણા કાર્યો સરળ અને ઝડપી બન્યા તો કેટલાક લોકો માટે બન્યા પડકાર

ન્યુયોર્ક તા.૨૫

ટિમ બુચર નામના યુવકે એ.આઈ. આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ ટૂલ્સની મદદથી ૧૦૦થી વધુ પુસ્તકો લખી નાખ્યા છે, પુસ્તક લખવા વિશે કેટલા લોકો હજુ કેટલા લોકો વિચારે છે તે ખબર નથી, પરંતુ તેના માટે સખત મહેનત કરવી અને ઘણો સમય આપવો એ દરેક વ્યક્તિની ક્ષમતામાં નથી. તમને જાણીને નવાઈ લાગશે કે ChatGPT જેવા AI ટૂલ્સની મદદથી સેંકડો પાનાની પુસ્તકો લખવાનું કામ થોડી મિનિટોમાં થઈ રહ્યું છે. ઘણા લોકોએ એ.આઈ ટૂલ્સની મદદથી લખેલા પુસ્તકો પ્રકાશિત કરીને કમાણી પણ શરૂ કરી દીધી છે. ટિમ બુચર નામના યુવકે ચેટજીપીટીની મદદથી એક વર્ષમાં ૧૦૦ નવલકથાઓ લખી.



ન્યૂયોર્ક પોસ્ટે પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે ChatGPT અને Anthropic's Claude જેવા AI ટૂલ્સની મદદથી ટીમે લગભગ ૧૦૦ નોબેલ્સ લખ્યા છે, જેમાં સ્કેચ અને ચિત્રો પણ તૈયાર કરવામાં આવ્યા છે. ટિમ એવા પુસ્તકો લખવા માંગતો હતો જેમાં વિજ્ઞાન સાહિત્ય દર્શાવવામાં આવ્યું હોય અને અલની મદદથી તૈયાર કરવામાં આવે. વિશ્વના ફ્યુઝનને જોવા મળતા બ્યુકને આ પુસ્તકોને 'અલ લોર સિરીઝ'નો એક ભાગ બનાવ્યો છે અને તેમનું માનવું છે કે તેમની મદદથી માનવ સર્જનાત્મકતા સાથે જોડાયેલી અમર્યાદ શક્યતાઓ સામે આવી છે

ટિમ બુચરે અલ ચેટબોટ્સ અને ઈમેજ જનરેટર્સનો ઉપયોગ કર્યો અને તેમની મદદથી તે માત્ર નવા વિચારો પર જ કામ કરી શક્યા નહીં, પરંતુ સાધનોએ ટેક્સ્ટ અને હસ્તપ્રતો તૈયાર કરવાની પ્રક્રિયાને પણ ઝડપી બનાવી. પુસ્તકો માટે સુંદર ચિત્રો અને ડિઝાઈન પણ આ જનરેટિવ અઈ સાધનોની મદદથી બનાવવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે દરેક પુસ્તકમાં લગભગ ૫૦૦૦ શબ્દો છે અને લગભગ એક ડઝન AI દ્વારા જનરેટેડ ઈમેજને તેનો એક ભાગ બનાવવામાં આવ્યો છે.

માત્ર ૩ કલાકમાં પુસ્તક પૂર્ણ કર્યું કોઈપણ લેખકને પુસ્તક લખવાનો વિચાર આવવાથી લઈને તેના પર કામ કરવા અને તેને 'છેવટે' પ્રકાશિત કરવામાં એક વર્ષ કે તેથી વધુ સમય લાગે છે. તે જ સમયે, AIની મદદથી પુસ્તક લખનાર બુચરને આખી પ્રક્રિયામાં માત્ર થોડા કલાકો લાગ્યા હતા. તેણે કહ્યું કે તેણે માત્ર એકથી ચાર કલાકમાં જ પુસ્તક પૂરું કરી લીધું હતું. AI ટૂલ્સ લગભગ દરેક ક્ષેત્રમાં કામને સરળ અને ઝડપી બનાવી રહ્યા છે, જ્યારે કેટલાક કલાકારો અને લેખકો પણ તેમને એક પડકાર તરીકે જોઈ રહ્યા છે.

# વાઘના મૃતદેહમાંથી મળી અનેક 'ઝેરી ધાતુઓ'

## પ્રાણીઓમાં કેન્સર અને ગાંઠનું જોખમ વધી શકે

હલ્દવાની, તા.૨૫

વાઘના મૃતદેહની તપાસ દરમિયાન ઝેરી ધાતુઓ મળવાનો મામલો સામે આવ્યો છે. જેના કારણે વન્યજીવોમાં કેન્સરનું જોખમ પણ વધી ગયું હોવાનું વન્યજીવન નિષ્ણાતો પ્રાથમિક દ્રષ્ટિએ લાગી રહ્યું છે ,જંગલના દૂષિત પાણીના સ્રોતોને જવાબદાર ઠેરવી રહ્યા છે.થોડા સમય પહેલા હ્લદ્વાની ચકતા ફોરેસ્ટ રેન્જમાં વાઘનો મૃતદેહ મળી આવ્યો હતો. વાઘની ઉંમર લગભગ આઠ વર્ષની હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં વાઘના જમણા ખભામાં ઈજા થઈ હટી અને તેનો ચેપ આખા શરીરમાં ફેલાઈ ગયો હતો.



પશુ તબીબોનું માનવું છે કે વાઘને સેપ્ટિસેમિયા થયો હોય શકે અને તેના અંગોએ કામ કરવાનું બંધ કરી દીધું હોય, આ પણ મૃત્યુનું કારણ હોઉં શકે છે , સેપ્ટિસેમિયા એવી સ્થિતિ છે જેમાં શરીરના અવયવો કામ કરવાનું બંધ કરી દે છે.

વાઘ રાષ્ટ્રીય પ્રાણી હોવાને કારણે, બરેલી ખાતેની ભારતીય પશુચિકિત્સા સંશોધન સંસ્થા (IVRI)ને તપાસ માટે મોકલવામાં આવી હતી. અહેવાલ મુજબ વાઘના પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં શરીર પર ૬૬ જેટલી જગ્યાએ આવા ચકમા જોવા મળ્યા છે. પહેલીવાર વાઘના શરીરમાં હેવી મેટલ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. પાણીના સ્રોતોના નમૂના લેવામાં આવી રહ્યા છે. વરિષ્ઠ પશુચિકિત્સક આર.કે. પાઠકે જણાવ્યું હતું કે આનાથી પ્રાણીઓમાં કેન્સર અને ગાંઠનું જોખમ વધી શકે છે જે જીવલેણ છે.થોડા સમય પહેલા જ જંગલમાંથી લગભગ ૦૮ વાઘ મૃત હાલતમાં મળી આવ્યા હતા.

# ચેટિંગ માટે હવે મોબાઈલ નંબરની જરૂર નહીં પડે : વોટ્સએપ લાવી રહ્યું છે નવું ફીચર




નવીદિલ્હી, તા.૨૫ : લોકપ્રિય મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપમાં કોઈને મેસેજ મોકલવા માટે તેમનો મોબાઈલ નંબર હોવો ફરજિયાત છે. કોઈને વોટ્સએપ મેસેજ મોકલવા પર યુઝરનો વોટ્સએપ નંબર આપમેળે શેર થઈ જાય છે જેનાથી ઘણીવાર યુઝર્સ હેરાન પણ થતા હોય છે. હવે વોટ્સએપે તેનાથી સંબંધિત વધુ સારી પ્રાઈવેસી આપવાની દિશામાં પગલાં લીધાં છે. હવે મેસેજ મોકલતા યુઝર્સના મોબાઈલ નંબરને બદલે તેમના 'યુઝરનેમ' બતાવવામાં આવશે.

નવું વોટ્સએપ ફીચર હાલ ડેવલપમેન્ટ મોડમાં છે. હાલમાં જેમ યુઝર્સ તેમના ઈન્સ્ટાગ્રામ અથવા ટ્વિટર એકાઉન્ટ માટે યુઝરનેમ પસંદ કરે છે, તેમ તેમણે વોટ્સએપ માટે પણ યુનિક યુઝરનેમ બનાવવું પડશે. આ યુઝરનેમ આગામી દિવસોમાં કોન્ટેક્ટ નંબરની જગ્યાએ દેખાશે અને વોટ્સએપ પર કોઈને મેસેજ કરવા માટે તેમના ફોન નંબરની જરૂર નહીં પડે.

યુઝર્સને પોતાનું યુઝરનેમ સેટ કરવાનો ઓપ્શન એપ સેટિંગ્સમાં આપવામાં આવશે, જેની મદદથી તેઓ અન્ય યુઝર્સ સાથે કનેક્ટ થઈ શકશે. આ યુઝરનેમ ચેટિંગ એપ પર ઓળખ તરીકે કામ કરશે અને તેનાથી સંબંધિત સેટિંગ્સને પ્રોફાઈલ સેક્શનનો ભાગ બનાવી શકાય છે. હાલમાં યુઝર્સને તેમનું નામ, પ્રોફાઈલ ફોટો અથવા એક્ટિવ સ્ટેટસ બદલવાનો ઓપ્શન આપવામાં આવે છે. જેનો નંબર સેવ નથી તે યુઝર દ્વારા આપવામાં આવેલ નામ, નંબર સાથે બાકીના કોન્ટેક્ટ્સને જોઈ શકાય છે. નવું યુઝરનેમ પસંદ કર્યા બાદ વોટ્સએપ યુઝર્સની મોબાઈલ નંબર પરની નિર્ભરતા સંપૂર્ણપણે સમાપ્ત થઈ જશે. વોટ્સએપ માત્ર કોન્ટેક્ટ આઈડેન્ટિફિકેશન માટે ફોન નંબરની મદદ લેશે પરંતુ તેને અન્ય યુઝર્સ સાથે શેર કરવામાં આવશે નહીં. એપ પર ફોન નંબરની જગ્યાએ યુઝરનેમ બતાવવામાં આવશે અને આ યુઝરનેમની મદદથી માત્ર કોઈની સાથે ચેટિંગ શરૂ કરી શકાશે.









### ૫૦૦ અને ૧૦૦ના દરની સ્કેનર-પ્રિન્ટરની મદદથી બનાવેલી ૨૩.૪૪ લાખની નકલી નોટો કબ્જે

# જાલીનોટનું જબરૂ કારસ્તાનઃ સીધા ધંધા ન ચાલ્યા એટલે અવળા ધંધે ચડ્યાઃ ત્રણ જણા પોલીસની ઝપટે ચડ્યા

## સજ્જનપરના શખ્સે ગામ છોડ્યા પછી ત્રણેક ધંધા બદલ્યા, છેલ્લે રાજકોટમાં નોટો છાપવાનું ચાલુ કર્યુંઃ તેમાં ઘરધણી અને તેના મિત્રને પણ સામેલ કર્યાઃ ત્રણેય પીંજરે પુરાયા

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ તા.૨૫**

ઈન્ટરનેટના યુગમાં દરેક માણસ પૈસા પાછળ આંધળી દોટ મુકી રહ્યો છે. ગમે ત્યાંથી ગમે તેમ કરીને પૈસા મેળવવા માટે અમુક તો રીતસર મથતાં હોય છે, અથવા તો પૈસાની લાલચમાં ખોટા માર્ગે ચડી જતાં હોય છે. સાચા ધંધા કરવામાં બે પાંદડે નહિ થઈ શકનારા ઘણા લોકો નાસીપાસ થઈને ગુનાખોરીનો રસ્તો પકડી લેતાં હોય છે. કંઈક આવી જ એક ઘટનામાં જાલીનોટનું જબરૂ કારસ્તાન ખુલ્લુ પડ્યું છે. મોરબી સજ્જનપરના શખ્સે ત્રણેક ધંધા બદલ્યા છતાં પૈસાની આવક જોઈએ તેવી ન થતાં તેણે રાજકોટ ભાડે મકાન રાખી અહિ જાલી ચલણીનોટો છાપવાનું ચાલુ કરી દીધુ હતું! પોતાની સાથે આ કારસ્તાનમાં આ યુવાને પોતાના મકાન માલિક એવા ડેરી સંચાલક યુવાન તથા તેના એક મિત્રને પણ સામેલ કર્યા હતાં. આ બંનેને એક લાખની જાલીનોટો આપી તેના બદલામાં પાંત્રીસ હજાર અસલી નોટો મેળવી લીધી હતી. પરંતુ પોલીસને બાતમી મળી જતાં આ ત્રણેય જણા ઝપટે ચડી જતાં હવે પીંજરે પુરાવાનો વખત આવ્યો છે.

જાલીનોટના કારસ્તાનની વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેર પોલીસે મુળ મોરબીના સજ્જનપરના વતની અને હાલ મોરબી રોડ અમૃત પાર્કમાં રહેતાં નિકુંજ ભાલોડીયા તથા સાધુ વાસવાણી રોડ પર ડેરી ચલાવતાં વિશાલ ગઢીયા અને ડેરીની નજીકમાં જ રહેતાં વિશાલ બુધ્ધદેવને દબોચી લઈ કુલ રૂ. ૨૩,૪૪,૫૦૦ની જાલીનોટો જપ્ત કરી છે. જેમાં ૫૦૦ના દરની ૪૬૨૨ નોટો અને ૧૦૦ના દરની ૩૩૫ નકલી નોટો સામેલ છે. સુત્રધાર નિકુંજે ટેક્સટાઈલ, મોબાઈલ ફોન અને શેરબજારના એમ ત્રણ ત્રણ ધંધા ફેરવ્યા છતાં બે પાંદડે થતો ન હોઈ બે મહિનાથી નકલી નોટો છાપવાના રવાડે ચડ્યાનું તેણે કહ્યું હતું. પોલીસ સાચી વિગતો ઓકાવવા મહેનત કરી રહી છે.

શહેરમાં કોઈપણ ગેરકાયદે પ્રવૃતિઓ ચાલતી હોય તો તે અટકાવવા માટે ક્રાઈમ બ્રાંચની ટીમો અને એલસીબી ઝોન-૨ની ટીમો પેટ્રોલીંગમાં હતી ત્યારે એલસીબી ટીમના હેડકોન્સ. હરપાલસિંહ જશુભા જાડેજા અને કોન્સ. જેન્તીગીરી રેવતીગીરી ગોસ્વામીને પાક્કી બાતમી મળી હતી કે સાધુ વાસવાણી રોડ પર પાટીદાર ચોક પાસે પામસીટી ચોકમાં આવેલી નીરા ડેરી ખાતે ડેરીનો સંચાલક સહિત બે શખ્સ હાજર છે અને આ બંને પાસે જાલી ચલણીનોટોનો જથ્થો છે. આ બાતમી મળતાં જ ટીમો તાકીદે સાધુ વાસવાણી રોડની નીરા ડેરી ખાતે પહોંચી હતી. જ્યાં બે શખ્સો હાજર હોઈ પુછતાછ કરતાં પોતાના નામ વિશાલ બાબુભાઈ ગઢીયા (ઉ.વ.૪૫-રહે. પાટીદાર ચોક, બાલાજી પાર્ક-૫, 'નીરા' મકાન, સાધુ વાસવાણી રોડ) તથા વિશાલ વસંતભાઈ બુધ્ધદેવ (ઉ.વ.૩૯-રહે. સાધુ વાસવાણી રોડ, પાટીદાર ચોક પાસે પામ સીટી ફ્લેટ નં. ઈ-૯૦૪) જણાવ્યા હતાં.

આ બંને પાસ નકલી ચલણી નોટો હોવાની પાક્કી માહિતી હોઈ તલાસી લેતાં રૂ. ૫૦૦ના દરની ૨૦૦ જાલીનોટો બંને પાસેથી મળી આવતાં કબ્જે કરવામાં આવી હતી. બંને આ નકલી નોટો ક્યાંથી લાવ્યા તે અંગે પીઆઈ વાય. બી. જાડેજા, પીએસઆઈ આર. એચ. ઝાલા, પીએસઆઈ એમ. જે. હુણની ટીમે વિશીષ્ટ ઢબે પુછતાછ શરૂ કરી હતી. આ દરમિયાન વિશાલ ગઢીયાએ પોતે આ નકલી નોટો પોતાના મોરબી રોડ અમૃત પાર્ક-૧માં હોટેલ રેડ રોઝ પાછળ આવેલા મકાનમાં ભાડેથી રહેતાં નિકુંજ અમરશીભાઈ ભાલોડીયા (ઉ.વ.૩૫) પાસેથી લાવ્યો હોવાનું કબુલતાં અને નિકુંજ આ ઘરમાં જ નકલી નોટો છાપતો હોવાનું કબુલતાં પોલીસ બંને વિશાલને સાથે લઈ અમૃત પાર્કમાં નિકુંજ ભાલોડીયાના ઘરમાં ત્રાટકી હતી.

ટૂકડીએ નિકુંજના ઘરમાં તપાસ કરતાં નિકુંજ ભાલોડીયાના કબ્જામાંથી ૫૦૦ અને ૧૦૦ના દરની નકલી નોટોનો જથ્થો મળી આવ્યો હતો. ઘરમાં કલર પ્રિન્ટર, કોમ્પ્યુટર પણ હોઈ પુછતાછ થતાં નિકુંજ પોતે જ ઈન્ટરનેટ, યુ-ટ્યુબની મદદથી આ નોટો છાપતો હોવાનું કબુલતાં પોલીસે કુલ ૪૬૨૨ નંગ ૫૦૦ના દરની અને ૩૩૫ નંગ ૧૦૦ના દરની નકલી નોટો કબ્જે કરી હતી. તેમજ ૧૦ હજારનું સ્કેનર કમ પ્રિન્ટર, ૨૫ હજારનું કોમ્પ્યુટર અને ૧૫ હજારના મોબાઈલ ફોન પણ કબ્જે કર્યા હતાં. આ મામલે ત્રણેય શખ્સો વિરૂધ્ધ ડીસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો હતો અને ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસની પ્રાથમિક પુછતાછમાં સુત્રધાર નિકુંજ ભાલોડીયાએ એવું રટણ કર્યુ હતું કે પોતે સજ્જનપરનો વતની છે. પણ માતા-પિતા અને ભાઈ સહિતના પરિવાર સાથે છેડો ફાડી ચુક્યો છે અને પત્નિ સાથે હાલ રાજકોટમાં ભાડાના મકાનમાં રહે છે. અગાઉ તેણે જયપુરમાં ટેક્સટાઈલનો ધંધો શરૂ કર્યો હતો પણ તે જામ્યો નહોતો, એ પહેલા ટંકારામાં મોબાઈલની દૂકાન ખોલી હતી તેમાં પણ કંઈ જમાવટ થઈ નહોતી. એ પછી શેરબજારનું કામ કર્યુ હતું પરંતુ તેમાં પણ ખોટ ગઈ હતી. આમ ત્રણ ત્રણ ધંધા ફેરવ્યા છતાં બે પાંદડે ન થતાં પૈસાની જરૂર હોઈ જાતે જ ચલણી નોટો છાપવાનો વિચાર કર્યો હતો અને તેને અમલમાં મુકવા કલર પ્રિન્ટર-કોમ્પ્યુટર-સ્કેનર લાવ્યો હતો. ઈન્ટરનેટ-યુ ટ્યુબની મદદથી પોતે ૧૦૦ અને ૫૦૦ની નોટોને સ્કેનરથી સ્કેન કરી જેપીજી ફાઈલને ફોટો શોપમાં એડીટીગ કરી કલર પ્રિન્ટર મારફત પ્રિન્ટ આપી કટીગ કરી નકલી નોટો છાપવા માંડ્યો હતો. છેલ્લા બે માસથી પોતે કટકે કટકે નોટો છાપતો હતો.

આવી નોટો છાપ્યા બાદ તે ચલણમાં ચાલે છે કે કેમ? તેની ખરાઈ કરવા પેટ્રોલ પંપ, કરિયાણાની દૂકાન અને પાણીપુરીવાળા સહિતના ફેરીયાઓ પાસે ગયો હતો. જેમાં અમુક જગ્યાએ નકલી નોટ ચાલી ગઈ હતી. અમુકે કાગળ કડક હોઈ નકલી હોવાનું કહી પાછી આપી દીધી હતી. નિકુંજે અન્ય આરોપી વિશાલ ગઢીયાનું મકાન ભાડે રાખ્યું હોઈ અને વિશાલ સાથે ફાયનાન્સ પેઢી ચાલુ કરી હોઈ વિશાલ તેની પાસેથી મકાનનું ભાડુ પણ લેતો નહોતો. ત્યાં હવે તેણે નકલી નોટો છાપવાનું ચાલુ કર્યુ હોઈ તેની જાણ વિશાલ ગઢીયાને કરતાં વિશાલે તેમાં રસ દાખવ્યો હતો અને પોતાની ડેરી નજીક જ રહેતો વિશાલ બુધ્ધદેવ ડેરીએ દુધ-દહીં લેવા આવતો હોઈ તેની સાથે પરિચય હોઈ અને તે અગાઉ જૂગારના ગુનામાં પોલીસ ચોપડે ચડ્યો હોઈ તેને જાલીનોટની વાત કરતાં તેણે પણ રસ દાખવ્યો હતો.

આથી તેણે ૫૦૦ના દરની ૧ લાખ નોટો છાપી હતી અને થોડા દિવસ પહેલા જ પોતાના મકાન માલિક તથા ડેરીના માલિક એવા વિશાલ ગઢીયાને આપી હતી. વિશાલ ગઢીયા અને વિશાલ બુધ્ધદેવે આ નકલી ૧ લાખની નોટોના બદલામાં નિકુંજને અસલી ૩૫ હજાર ચુકવ્યા હતાં. વળી હાલમાં ૨૦૦૦ની નોટો ચલણમાંથી પાછી ખેંચાઈ હોઈ ૧૦૦, ૫૦૦ની નોટોની માંગ વધી હોઈ નિકુંજે છેલ્લા કેટલાક દિવસોમાં વધુ નકલી નોટો છાપી કાઢી હતી. હાલ તો નિકુંજ એવું રટણ કરે છે કે જેટલી નોટો છાપી છે એ તમામ એટલે કે ૨૩,૪૪,૫૦૦ની નકલી ૫૦૦, ૧૦૦ વાળી નોટો પોલીસ સમક્ષ રજુ કરી દીધી છે. જો કે તે બે મહિનાથી નોટો છાપતો હોવાનું રટણ કરતો હોઈ બીજે પણ ક્યાંક વહેતી કરી દીધાની શક્યતા છે. ત્રણેયની વિશેષ તપાસ માટે રિમાન્ડ મેળવવા તજવીજ થશે.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ બી. બી. બસીયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચ પીઆઈ વાય. બી. જાડેજા, પીએસઆઈ એમ. જે. હુણ, એલસીબી ઝોન-૨ પીએસઆઈ એચ. આર. ઝાલા, હેડકોન્સ. વિરેન્દ્રસિંહ ઝાલા, હરપાલસિંહ જાડેજા, મૌલિકભાઈ સાવલીયા, કિરતસિંહ ઝાલા, ડીસીબીના વિરેન્દ્રસિંહ વનરાજસિંહ, ગિરીરાજસિંહ સજ્જનસિંહ, અરૂણભાઈ બાંભણીયા, એલસીબીના જેન્તીગીરી ગોસ્વામી, અમીનભાઈ ભલુર, ધર્મરાજસિંહ ઝાલા, ડીસીબીના નગીનભાઈ ડાંગરની ટીમે આ કામગીરી કરી હતી. અગાઉ પણ શહેર પોલીસ જાલીનોટોના કૌભાંડોનો પર્દાફાશ કરી ચુકી છે. જેમાં વધુ એક યશકલગીનો ઉમેરો થયો છે. ઝડપાયેલી ત્રિપુટીના રિમાન્ડ મેળવ્યા બાદ આગળની તપાસ એસઓજીના પોલીસ ઈન્સ્પેક્ટર જે. ડી. ઝાલા અને તેમની ટીમ ચલાવશે.







**ક્રાઈમ બ્રાંચના વાય. બી. જાડેજા અને એલસીબી ઝોન-૨ના આર. એચ. ઝાલાની ટીમને સફળતાઃ બે મહિનાથી નોટો છાપતો હોવાની સુત્રધારની કબુલાત**

# ડોન્ટ વરી બી હેપ્પી, દેશમાં મોનસુન નિશ્ચિત સમય પર જ આવશે

## સ્કાયમેટ સહિત અન્ય હવામાન નિષ્ણાતોએ કરી આગાહી, પાંચથી સાત જૂન વચ્ચે કેરળમાં એન્ટ્રીની શક્યતા

**નવી દિલ્હી તા. ૨૫**

મોનસુન ૨૦૨૩ ની રફતાર અને મોસમની ગતિવિધિઓ થી સંકેત મળી રહ્યા છે કે દેશને વરસાદની ગિફ્ટ વિલંબ વગર અને નિશ્ચિત સમય પર મળી શકે છે. હવામાનના નિષ્ણાતો એ ખૂબ જ સારો સંકેત આપ્યો છે અને એમ કહ્યું છે કે મોનસુન માટે સ્થિતિ અનુકૂળ બની રહી છે.

નિષ્ણાતોએ એમ કહ્યું છે કે જૂનના પ્રથમ સપ્તાહમાં મોનસુન કેરળમાં એન્ટ્રી કરે તેવી પૂરી સંભાવના દેખાઈ રહી છે. પાંચથી સાત જુનની વચ્ચે એન્ટ્રી ની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

સ્કાયમેટના પ્રમુખ શર્માએ એમ કહ્યું છે કે ૧૯મી મેથી જ આંદામાન સાગરના દક્ષિણી ભાગમાં દક્ષિણ પશ્ચિમ મોન્સૂન નો પ્રવેશ થઈ ગયો હતો જો કે તેમાં હજુ આગળ કોઈ પ્રગતિ થઈ શકી નથી.

જ્યારે આઈ એમ ડી ના વડાએ એમ કહ્યું છે કે હિંદ મહાસાગરના ઉત્તર પશ્ચિમમાં પ્રવાહ મજબૂત થવા લાગ્યો છે અને આગામી બે ત્રણ દિવસમાં બંગાળની ખાડી તેમજ અંદ સાગર અને આ અંદમાન નિકોબાર આઈલેન્ડમાં મોનસુનના આગળ વધવાની પરિસ્થિતિ અનુકૂળ થઈ રહેલી દેખાય છે.



તેમણે એમ પણ કહ્યું છે કે દક્ષિણ અરબસાગરમાં મોનસુનને સ્થાપિત થવામાં અંદાજે એક સપ્તાહ જેવો સમય લાગી જાય તેવી સંભાવના દેખાઈ રહી છે. ચોથી જુનની આસપાસ મોનસુન કેરળ પહોંચી શકે છે. કેરળમાં મોનસુનના પહોંચવાને લઈને અનુકૂળ પરિસ્થિતિ બની રહી છે.


એમણે વધુમાં એમ પણ કહ્યું છે કે મોનસુનની ગતિવિધિઓમાં એક સપ્તાહમાં ઘણો બધો ફરક દેખાઈ રહ્યો છે અને હવે કેરળમાં મોનસુનના વિલંબની સંભાવના ઓછી થઈ ગઈ છે અને અનુમાનિત તારીખ ૭ જૂન હોઈ શકે છે.

બીજી બાજુ અન્ય નિષ્ણાતો એ એમ કહ્યું છે કે હિંદ મહાસાગર મોનસુનની હવાઓ પ્રભાવિત થઈ રહી છે જેને પગલે કેરળમાં મોનસુન ના પ્રવેશમાં મોડું થઈ શકે છે જોકે જૂન ના પ્રારંભમા ડોન્ટ વરી બી હેપ્પી, દેશમાં મોનસુન નિશ્ચિત સમય પર જ આવી જશે.

# સિનર્જી હોસ્પિટલની મહિલા તબીબનો ગળેફાંસો ખાઈ આપઘાત

### હું જિંદગીથી કંટાળી ગઈ છું તેવી સ્યુસાઈડ નોટ મળી આવી

રાજકોટ મિરર, તા.૨૫ : રાજકોટ જામનગર રોડ પર માધાપર ચોક નજીક અતુલ્યમ રેસીડેન્સી આંગન-૧માં રહેતાં ડો. બિંદીયાબેન ગોવિંદભાઈ બોખાણી (ઉ.વ.૨૫) એ ગઈકાલે રાત્રીના સમયે પંખામાં દૂપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી કરી હતી અને મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.



આપઘાત કરનાર ડો. બિંદીયાબેન બે બહેન અને એક ભાઈમાં બીજા નંબરે હતાં. તેણીના પિતા ગોવિંદભાઈ બોખાણી નિવૃત શિક્ષક છે. તેઓ મુળ પડધરીના સરપદડના વતની છે અને પરિવારજનો હાલ રાજકોટ રહેતાં હતાં. અગાઉ જામનગર રોડ પરની હોસ્પિટલમાં ડો. બિંદીયાબેન ફરજ બજાવતાં હતાં. હાલમાં અન્ય ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતાં હતાં. ગઈકાલે પરિવારજનો બહાર ગયા હતાં ત્યારે ડો. બિંદીયાબેન ઘરે એકલા હતાં.

પરિવારજને તેણીને ફોન કરતા હતા ત્યારે ફોન રિસીવ કર્યો નહોતો અને બાદમાં બધા ઘરે પરત આવ્યા ત્યારે આ ઘટનાની જાણ થઈ હતી. પોલીસે મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.` પોલીસને એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી જેમાં તબીબ યુવતી પોતે પોતાની મરજીથી આત્મહત્યા કરી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# ફ્લાઈટ સાથે પક્ષી અથડાતા ૧૬૦ મુસાફરોના જીવ પડીકે બંધાયા

મેંગલુરુ, તા.૨૫ : મેંગલુરુથી દુબઈ જઈ રહેલી ઈન્ડિયોની ફ્લાઈટ સાથે પક્ષી અથડાયું હોવાની ઘટના સામે આવી છે. મેંગલુરુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી દુબઈ જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ સાથે પક્ષી અથડાયા બાદ અફરાતફરી મચી ગઈ હતી. ફ્લાઈટના એક પંખા સાથે પક્ષી ટકરાતા ફ્લાઈટ ઉડવા માટે બિલકુલ તૈયાર ન હતી. પાયલટે તુરંત એર ટ્રાફિક કંટ્રોલને સૂચના આપ્યા બાદ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. ઘટના બન્યા બાદ ૧૬૦ મુસાફરોને ફ્લાઈટમાંથી સુરક્ષિત રીતે ઉતારવામાં આવ્યા છે.




RAJKOT MIRROR DAILY EVENING (MONDAY TO SATURDAY)
Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT :: Printed At : SANJ MEDIA, SANJ SAMACHAR HOUSE , KASTURBA ROAD, DIST. RAJKOT-360 001, GUJARAT.